*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૫૪

## શાંતિનું વેદન તે આત્મા

સર્વજ્ઞ ભગવંતો અને વીરાતગી સંતો આત્માના અતીન્દ્રિય આનંદનમાં ઝૂલી રહ્યા છે....અતીન્દ્રિય–આનંદમાં ઝૂલતા એ સંતોની વાણીમાં પણ અતીન્દ્રિય આનંદ નીતરી રહ્યો છે.

આત્માનો પરમ અચિંત્ય ગંભીર મહિમા બતાવીને તે સંતો કહે છે કે–રે જીવ! શું તને એમ નથી લાગતું કે આત્મામાં અંદર જોતાં શાંતિનું વેદન થાય છે ને બહારમાં દ્રષ્ટિ કરતાં અશાંતિ વેદાય છે!! શાંતિથી વિચારતાં તને એમ જ દેખાશે. માટે નક્કી કર કે શાંતિનું–સુખનું –આનંદનું ક્ષેત્ર મારામાં જ છે; મારાથી બહાર ક્યાંય સુખ– શાંતિ કે આનંદ નથી...નથી...નથી. બાહ્યભાવોની અપેક્ષા વગર એકલી પરમ વીતરાગી શાંતિના વેદનસ્વરૂપ હું પોતે જ છું – એમ અનુભવ કર.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૯, ચૈત્ર (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૩૦ઃ અંક ૬

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# વિવિધ સમાચાર

પૂ. ગુરુદેવ સોનગઢમાં સુખશાંતિમાં બિરાજી રહ્યા છે. સવારે નિયમસારમાં શુદ્ધભાવ અધિકાર ઉપર, અને બપોરે સમયસારમાં નિર્જરા–અધિકાર ઉપર પ્રવચનો દ્વારા શુદ્ધાત્માના મધુરા ગીત મુમુક્ષુઓને આત્મભાવનામાં ઝુલાવી રહ્યાં છે. સોનગઢમાં બંધાતા ભવ્ય પરમાગમ મંદિરનું કામ ચાલી રહ્યું છે. પરમાગમોનું કોતરકામ ઝડપથી ચાલી રહ્યું છે ને આ માસમાં (૨૨ મી એપ્રિલે) પૂરું થઈ જવાની ધારણા છે. આ નિમિત્તે તે દિવસે પ્રવચન વગેરે પરમાગમ મંદિરમાં થશે. પરમાગમ મંદિરના શિખરોનું ચણતર લગભગ પૂરું થયું છે; બહારના ભાગમાં આરસ લગાવવાનું કામ ચાલી રહ્યું છે. અંદરના ભાગમાં પરમાગમ કોતરેલા આરસ લગાવવાનું ચાલુ છે, સમયસાર અને પ્રવચનસાર તો દીવાલમાં લાગી ગયા છે, બાકીનાં પણ થોડા વખતમાં લાગી જશે. નીચેના ભાગમાં આરસની લાદી જડવાનું કામ પણ ચાલી રહ્યું છે.

આ માસની તા. ૨૩ એપ્રિલથી શરૂ કરીને તા. ૧૪ મે સુધી ગુરુદેવનો પ્રવાસ કાર્યક્રમ દિલ્હી–કલકત્તા–ગૌહાત્તી અને મુંબઈનો નીચે મુજબ છેઃ–

* તા. ૨૩ એપ્રિલ સોમવારે સવારમાં સોનગઢથી ભાવનગર થઈ મુંબઈ પધારશે ને આખો દિવસ ત્યાં રહેશે.

* તા. ૨૪ એપ્રિલ મંગળવારે સવારમાં મુંબઈથી દિલ્હી પધારશે. દિલ્હીમાં ચાર દિવસ તા. ૨૪ થી ૨૭ સુધી બિરાજશે.

* તા. ૨૮ શનિવારે દિલ્હીથી કલકત્તા પધારશે. ત્યાં તા. ૪ મે સુધી બિરાજશે. ચોથી તારીખે વૈશાખ સુદ બીજ ને શુક્રવારે ગુરુદેવની ૮૪મી જન્મજયંતીનો મંગલ ઉત્સવ કલકત્તામાં ઉજવાશે. આ પ્રસંગે લાભ લેવા કલકત્તા પધારવા માટે ત્યાંના મુમુક્ષુમંડળ તરફથી મુમુક્ષુઓને આમંત્રણ છે.

કલકત્તાનું સરનામું નીચે મુજબ છે –

| | |
|---|---|
| તારનું સરનામું : KUNDKUND. | રમણિકલાલ વીરચંદ એન્ડ કું. |
| ટેલિફોન નં. ૩૩૫૦૪૮ | ૧૪, નૂરમલ લોહિયાલેન, કલકત્તા ૭ |

* કલકત્તામાં જન્મજયંતી બાદ (વૈ. સુદ ત્રીજ ને શનિવાર તા. ૫ MAY) ગુરુદેવ આસામપ્રદેશની રાજધાની ગૌહાતી નગરીમાં પધારશે. ત્યાં તા. ૫–૬–૭ ત્રણ દિવસ બિરાજશે. ત્યાં પધારવા માટે પણ ત્યાંના મુમુક્ષુઓ તરફથી નિમંત્રણ છે. ગૌહાતી જવા માટે મુંબઈથી અલ્લાહાબાદ મેઈલમાં લખનૌનો ડબો લાગે છે.

(વિશેષ માટે જુઓ : ટાઈટલ પાનું ૩)

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૯
ચૈત્ર
એપ્રિલ ૧૯૭૩

* વર્ષ: ૩૦ અંક ૬ *

# 卐 ભગવાન મહાવીર 卐

## પ્રભો ! આપનો માર્ગ સુંદર છે, આપનો માર્ગ જીવંત છે.

અહો વહાલા વીરનાથ ! આપનો માર્ગ એ વીર પુરુષોનો માર્ગ છે...આપનું શાસન એ અમારા હિતને માટે છે. આપનો ઉપદેશ એ વીતરાગતાનો જ ઉપદેશ છે....જગતના સર્વે તત્ત્વોને સાક્ષાત્ જાણીને તેમાં સર્વોત્કૃષ્ટ ચૈતન્યતત્ત્વનો પરમ ગંભીર મહિમા આપે ભવ્યજીવોના હૃદયમાં પ્રસિદ્ધ કર્યો છે. પ્રભો ! આપનો માર્ગ જગતમાં સૌથી સુંદર છે; આપે બતાવેલું આનંદમય ચૈતન્યતત્ત્વ જગતમાં સૌથી સુંદર છે. વીતરાગતા વડે આપ શોભી રહ્યા છો, ને આપની વીતરાગતાને ઓળખીને તે માર્ગે ચાલી રહેલા સાધકજીવો પણ આ જગતમાં શોભી રહ્યા છે. તેમના દ્વારા આપનો માર્ગ જીવંત વર્તી રહ્યો છે.

પ્રભો, આપે પ્રકાશેલો આવો સુંદરમાર્ગ વીતરાગસંતોની પરંપરાથી અમને મળ્યો. આપનો માર્ગ કુન્દકુન્દસ્વામીએ વહેતો રાખ્યો, ને તે જ માર્ગ અમારા કહાનગુરુના પ્રતાપે આજે અમને પ્રાપ્ત થયો છે. હજારો લાખો ભવ્ય જીવો આનંદથી આપના માર્ગને આદરી રહ્યા છે... ધન્ય માર્ગ ! આપનો માર્ગ એ આનંદનો માર્ગ છે....આપનો માર્ગ એ સ્વાનુભૂતિનો માર્ગ છે...એ માર્ગે સાધક જીવો આનંદમય મોક્ષપુરીમાં આવી રહ્યા છે.

# મહાવીરના માર્ગની પ્રસિદ્ધિ

**ભગવાન મહાવીરે આત્માના અનુભવવડે મોક્ષને સાધ્યો, તમે પણ આજે જ એવો અનુભવ કરો.**

ચૈત્ર સુદ તેરસના મંગલદિને, ભગવાન મહાવીરના વીતરાગમાર્ગની પ્રસિદ્ધિ કરતાં પ્રવચનમાં ગુરુદેવે કહ્યું કે –આત્માની અનુભવદશા વડે મોક્ષ સધાય છે. આ મહાવીરનો માર્ગ છે ને આ જ મહાવીરનો ઉપદેશ છે. જે જીવે આવો માર્ગ સમજીને પોતામાં પ્રગટ કર્યો તેનો અવતાર સફળ છે.. તેણે મહાવીર ભગવાનને ખરેખર ઓળખીને અને પોતામાં મહાવીરના વીતરાગમાર્ગને પ્રસિદ્ધ કરીને ખરો મંગલ–મહોત્સવ ઉજવ્યો.

આજે ચૈત્ર સુદ તેરસ, ભગવાન મહાવીરનો મંગલ જન્મદિવસ છે. આજથી ૨૫૭૧ વર્ષ પહેલાં ભગવાન આ ભરતભૂમિમાં વૈશાલીનગરીમાં અવતર્યા હતા. ભગવાનનો જન્મ મંગલરૂપ હતો, તેઓ જન્મથી જ અતીન્દ્રિય આત્માના જ્ઞાનસહિત હતા. પહેલાં અનાદિથી સંસારમાં રહેલા તે જીવે સિંહના ભવમાં મુનિઓના ઉપદેશથી સમ્યક્ત્વ પ્રગટ કર્યું, એટલે કે અતીન્દ્રિય આત્માના આનંદનો અનુભવ કર્યો, ને પછી આત્માની ઉન્નત્તિ કરતાં–કરતાં આ છેલ્લા ભવમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને પાવાપુરીથી મોક્ષ પધાર્યા; આવતા વર્ષે તેને અઢી હજાર વર્ષ થશે ને તેનો મોટો ઉત્સવ ઉજવાશે.

સાધક જીવો જ્ઞાનની સ્મૃતિના બળે વચ્ચેનો કાળ દૂર કરીને કહે છે કે ભગવાન આજે જ જન્મ્યા. ભગવાનને દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન તો પૂર્વે અનેક ભવોથી હતું, અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ હતો; એવી અનુભવદશા ઉપરાંત અવધિજ્ઞાન–સહિત ભગવાન મહાવીર ત્રિશલામાતાની કૂંખે સવાનવ માસ રહ્યા. તે વખતે પોતે પોતાને દેહથી ભિન્ન જાણતા હતા. ત્રીસ વર્ષ સુધી કુમારઅવસ્થામાં રહ્યા. લગ્ન તો

તેમણે કર્યાં ન હતા. ત્રીસવર્ષની વયે જાતિસ્મરણ થતાં તેઓ વૈરાગ્ય પામ્યા ને આત્મધ્યાન સહિત વનજંગલમાં વિચરવા લાગ્યા. બાર વર્ષ સુધી મુનિઅવસ્થામાં મૌનપણે જ્ઞાન–ધ્યાન સહિત વિચર્યા; ને વૈશાખ સુદ દશમના રોજ સમ્મેદશિખરની નજીક ઋજુવાલિકા નદીના તીરે ક્ષપકશ્રેણી માંડીને લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંત પરમાત્મા થયા. અને પછી રાજગૃહીમાં વિપુલાચલ પર અષાઢ વદ એકમથી દિવ્યધ્વનિ વડે જગતને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. તે ઉપદેશ ઝીલીને ગણધરોએ શાસ્ત્રોની રચના કરી; વીતરાગમાર્ગી સંતોની પરંપરાથી તે ઉપદેશ આજે ચાલ્યો આવે છે. તેમાં કહે છે કે–

હે જગતના જીવો! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, પરભાવોનો તેમાં પ્રવેશ નથી, તેની ઓળખાણ કરીને અનાદિના મોહને હવે છોડો.

આત્મા તો અનાદિનો છે, તે કાંઈ નવો થયો નથી; દેહ નવા નવા બદલાયા, પણ આત્મા તો એનો એ અનાદિકાળથી છે; તેણે અનાદિથી શું કર્યું, કે પોતાના સ્વરૂપને ભૂલીને મોહ કર્યો ને દુઃખી થયો; હવે તે મોહને છોડવા માટે આ ઉપદેશ છે.

આ ભવ પહેલાં પૂર્વ ભવમાં આત્મા હતો; અને તે ક્યાં હતો તેનું જ્ઞાન પણ થઈ શકે છે. અનેક જીવો જાતિસ્મરણ જ્ઞાન વડે પોતાના પૂર્વ ભવને જાણનારા મોજુદ છે. જેમ કાલે આત્મા ક્યાં હતો તેનું જ્ઞાન થાય છે તેમ આ ભવ પહેલાં પૂર્વના ભવોમાં આત્મા ક્યાં હતો તેનું પણ જ્ઞાન થઈ શકે છે. આત્માના જ્ઞાનની અચિંત્ય તાકાત છે. પૂર્વભવના જ્ઞાન કરતાંય આત્માનું અનુભવજ્ઞાન કોઈ અપૂર્વ છે, તે મોક્ષનું સાધક છે.

આત્મા દેહથી જુદો અનાદિનો જ્ઞાન–આનંદસ્વરૂપ છે; અજ્ઞાનને લીધે આત્માને પોતાના આનંદની ખબર નથી, છતાંપણ તે પોતે આનંદથી ભરેલો જ છે; આનંદસ્વભાવ છે તેનો કાંઈ નાશ થયો નથી. જ્યારે જાગે ને જ્ઞાનચેતનારૂપ થઈને અંતરમાં દેખે ત્યારે પોતાના આનંદનો પોતાને અનુભવ થાય છે.–આવો અનુભવ હે જીવ! તું આજે જ કર.–આવો અનુભવ તે જ વીરનો માર્ગ છે.

આત્મા સદાય જ્ઞાનસ્વરૂપે પ્રકાશમાન છે; રસિક જનોને આવો આત્મા રુચિકર છે–વહાલો છે. હે જીવ! તું સર્વ તરફથી પ્રકાશમાન એવા જ્ઞાનસ્વરૂપને અનુભવમાં લે. જ્ઞાન જ આત્માનો સમ્યક્સ્વભાવ છે; રાગ કાંઇ આત્માનો સ્વભાવ નથી; તે તો પરભાવ છે, ને દેહ તો જડ છે. બાપુ! હવે તે પરભાવોના વેદનને રહેવા દે, ને તારા

આનંદ સ્વભાવના સ્વાદને ચાખ. આવા આત્માને દેખતાંવેંત તારો અનાદિનો મોહ છૂટી જશે, ને આત્માની અનુભવદશા વડે મોક્ષપંથ પ્રગટ થશે. આ મહાવીરનો માર્ગ છે, ને આજ મહાવીરનો ઉપદેશ છે. ભગવાન મહાવીર આવા માર્ગે મોક્ષ પધાર્યા ને જગતને માટે પણ આવો જ મોક્ષમાર્ગ બતાવ્યો. જે જીવ આવો માર્ગ સમજીને પોતામાં પ્રગટ કરે તેનો અવતાર સફળ છે; તેણે મહાવીર ભગવાનને ખરેખર ઓળખીને તેમનો મહોત્સવ ઉજવ્યો. અને તેણે પોતામાં મહાવીરના વીતરાગમાર્ગને પ્રસિદ્ધ કર્યો.

અહા, આવું પરમ ચૈતન્યતત્ત્વ!–તેમાં જડનો પ્રવેશ નથી, રાગાદિ પરભાવનો પ્રવેશ નથી, ભેદના વિકલ્પનો પ્રવેશ નથી, એ તો બધા તેનાથી બહાર ને બહાર રહે છે; અંતરના ચૈતન્યતત્ત્વને અનુભવમાં લેતાં પરમ આનંદરૂપ આત્મા અનુભવમાં આવે છે. આવો અનુભવ તે ભવચક્રથી છૂટવાનો ઉપાય છે. આવો મોંઘો મનુષ્યભવ મળ્યો તો ભવના અભાવનો ભાવ પ્રગટ કર. તું અનાદિથી અજ્ઞાનને લીધે ક્ષણેક્ષણે ભયંકર ભાવમરણ કરી રહ્યો છે ને દુઃખી થઇ રહ્યો છે, તો હવે અંતરમાં વિચાર તો કર કે આત્માનું ખરું સ્વરૂપ શું છે? આ દેહની તો રાખ થશે ચૈતન્યતત્ત્વની કાંઈ રાખ થવાની નથી.–તો રાખથી ભિન્ન ચૈતન્યતત્ત્વ પોતે કોણ છે તેને જરાક લક્ષમાં તો લે! શીઘ્ર ત્વરાથી આત્માને ઓળખ. તેમાં પ્રમાદ ન કર. પ્રમાદ કરીશ તો આ મોંઘો અવસર ચાલ્યો જશે.

અહા, મહાવીર ભગવાને જન્મીને આત્માના પરમાત્મપદને સાધ્યું. કેવા આત્માની સાધના કરી–તેનું આ વર્ણન છે. બાપુ! તારા અંતરમાં પણ આવું જ પરમાત્મતત્ત્વ બિરાજમાન છે, તેમાં નજર કરીને અનુભવ કરતાં આનંદ થશે....ને તારા ભવના અંત આવશે. માટે હે જીવ! આજે જ ત્વરાથી તારી ચૈતન્યસંપદાને અનુભવમાં લે.

શ્રી મુનિરાજ ચૈતન્યપદની સંપદા બતાવતાં પ્રમોદથી કહે છે કે–અહો, આ આત્મા પોતે સદાય શુદ્ધચિદાનંદરૂપી સંપદાઓની ખાણ છે, એ જ ઉત્કૃષ્ટ ખાણ છે, જગતમાં સોના–રૂપા–હીરાની ખાણ થાય છે તે કાંઈ ઉત્કૃષ્ટ નથી. તે તો જડ પુદ્‌ગલની રચના છે; આત્મા ચૈતન્યરત્નોની ઉત્કૃષ્ટ ખાણ છે; આત્માની ચૈતન્યસંપદામાં કોઈ ઉપાધિ નથી, તેમાં વિપદા નથી. આવા આત્માને જ અમે નિજપદ તરીકે અનુભવીએછીએ, બીજા તો બધા અપદ છે, અપદ છે.

ભાઈ, આવી ઉત્કૃષ્ટ ચૈતન્યસંપદા તારી ખાણમાં જ પડી છે, તેને તું સાધ...

તેને સાધવામાં કોઇ ક્લેશ નથી, દુઃખ નથી, તેને સાધવામાં તો આનંદની પ્રાપ્તિ છે. ભગવાન મહાવીરે આવા આત્માની સાધના પૂર્વ ભવોમાં શરૂ કરી હતી, તેમાં આગળ વધતાં વધતાં આ ભવમાં આનંદની પૂર્ણતા કરીને સાક્ષાત્ પરમાત્મા થયા. તેમનું સ્મરણ કરીને તેમના માર્ગને સાધવો તે સાચો મહોત્સવ છે.

અરે પ્રભુ! સુખની સંપદા તો તારામાં હોય, કે જડમાં હોય? જડસંપદામાં તારું સુખ નથી. સુખની સંપદાવાળો તો તું પોતે જ છો. તારી ચૈતન્યસંપદામાં કોઈ વિપદા નથી. માન–અપમાનના વિકલ્પો કે નિંદા–પ્રશંસાના શબ્દો તેમાં પ્રવેશી શકતા નથી. માન મળતાં ફૂલાઈ જાય, કે અપમાન થતાં કરમાઈ જાય–એવું આ ચૈતન્યતત્ત્વ નથી; ચૈતન્યતત્ત્વ તો સદાય આનંદમય છે,–જેમાં કદી વિપદા આવતી જ નથી, જે કદી કરમાતું નથી; સદાય શાંતરસમાં શોભતું ને ચેતનભાવથી ખીલેલું ચૈતન્યતત્ત્વ છે. આનંદમય ચેતના ખીલી તે ખીલી, તે કદી કરમાતી નથી.

અરે જીવ! પોતાની સંપદાનો કદી તેં વિચાર કર્યો નથી, તેને જોવાનો પ્રયત્ન કર્યો નથી, જ્ઞાની પાસેથી સાંભળીને અંદર મનન કર્યું નથી, પણ હવે આ અપૂર્વ ટાણાં મળ્યા છે, જ્ઞાની સંતો તને તારી મહાન ચૈતન્યસંપદા બતાવે છે, તો તે સાંભળીને બહુમાનપૂર્વક તેનું મનન કર, અંદર વિચાર કર ને અંતરના પ્રયત્ન વડે તારી આનંદ સંપદાને દેખ. અરે, એકવાર તો અમે કહીએ છીએ તેવો નિર્ણય કર. સુખની આ મોસમ છે; આનંદનો પાક પાકે ને અનંતકાળનું સુખ મળે એવું તારું અતીન્દ્રિય ચૈતન્યધામ છે. સંતો આવા આનંદધામને અનુભવે છે ને તમે પણ આજે જ તેનો અનુભવ કરો.

પોતાના અનુભવની સાક્ષીસહિત શ્રી મુનિરાજ કહે છે કે–હું આવા આનંદને અનુભવું છે ને તમને પણ આવા આનંદનો અનુભવ કરવા માટે આમંત્રું છું. આવો અનુભવ થઈ શકે છે, માટે તમે તેવો અનુભવ પ્રગટ કરીને તમારી ચૈતન્યસંપદાને પામો. વીર થઈને વીરના માર્ગે આવો.

શુભ કે અશુભ તે તો બધા વિષવૃક્ષનાં ફળ છે; તેનાથી પાર એવું જે ચૈતન્ય તત્ત્વનું અમૃત છે તેને અમે અનુભવીએ છીએ, અને હે જીવો! તમે પણ આ સહજ ચૈતન્યઅમૃતને હમણાં જ ભોગવો. વિલંબ ન કરો–આળસ ન કરો, હમણાં જ અંતર્મુખ થઈને તેને અનુભવો. પોતાનું તત્ત્વ પોતામાં જ છે,–પોતે પોતાના અનુભવમાં

વિલંબ શો? જે જીવ હમણાં જ આવા આત્મતત્ત્વને અનુભવે છે તે આનંદસહિત અલ્પકાળમાં મુક્તિને પામે છે,–તેમાં કોઈ સંશય નથી.

અનુભવ કરનાર પોતે પોતાના મુક્તસ્વરૂપને પોતામાં દેખે છે, એટલે મોક્ષને માટે તેને કોઈ સંદેહ રહેતો નથી. શુભાશુભથી પાર ચૈતન્યના આનંદનો જ્યાં અનુભવ થયો ત્યાં મોક્ષના આનંદનો નમૂનો આવી ગયો, ને અલ્પકાળમાં સાક્ષાત મોક્ષદશા પ્રગટ કરીને તે પોતે સિદ્ધ પરમાત્મા થઈ જશે.

**આવો મહાવીર ભગવાનનો માર્ગ છે.**

**ભગવાન મહાવીરે આત્માના અનુભવ વડે મોક્ષને સાધ્યો....**

**તમે પણ આજે જ એવો અનુભવ કરો.**




અહો જીવો! ચૈતન્યનો આનંદસ્વાદ અને રાગનો આકુળસ્વાદ, એ બંનેને ભેદજ્ઞાનવડે અત્યંત ભિન્ન જાણીને ચૈતન્યરસનું પાન કરો, ભેદજ્ઞાનના બળે સર્વે વિકલ્પથી જુદું વર્તતું એવું જ્ઞાન તે નિર્વિકલ્પચૈતન્યના અમૃતરસથી ભરેલું છે. સાચું ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન થતાં આત્માના ચૈતન્યઅમૃતનો નિર્વિકલ્પ સ્વાદ આવે છે. અહો, વીતરાગી સંતોએ જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરાવીને આત્માના નિર્વિકલ્પ આનંદરસનું પાન કરાવ્યું છે.

# ધર્માત્માની બધી પર્યાયો જેને અભિનંદે છે એવું આનંદથી ઉલ્લસતું જ્ઞાનસ્વાદથી ભરેલું એક નિજપદ

રાગમાં નિજપદ માનીને, અજ્ઞાનથી અંધ બનીને જેઓ સૂતા છે ને ચૈતન્યમય નિજપદને ભૂલી રહ્યા છે, એવા જીવોને જગાડીને રાગથી જુદું શુદ્ધ ચૈતન્યમય નિજપદ આચાર્યદેવે દેખાડયું. અહો, આવા ચૈતન્યસ્વાદરૂપ નિજપદમાં રાગનો સ્વાદ સમાય નહીં. જ્ઞાયકરસથી ભરેલા ચૈતન્યના મહા સ્વાદમાં બીજો કોઈ સ્વાદ સમાઈ શકે નહીં; અત્યંત મધુર ચૈતન્યસ્વાદ રાગના કોઇ અંશની પોતામાં ભેળસેળ સહન કરી શકે નહિ; ધર્મીને ચૈતન્યસ્વાદની અનુભૂતિમાં બીજો કોઈ સ્વાદ સમાઈ શકે નહીં. આવો મહા આનંદથી ભરેલો ચૈતન્યસ્વાદ આવે ત્યારે જીવ ધર્મી થયો કહેવાય. અહો, જ્ઞાનસ્વરૂપનો આ રસીલો સ્વાદ, તેની પાસે જગતના બીજા બધા રસ અત્યંત ફિક્કા લાગે છે, તે ચૈતન્યરસ વગરના હોવાથી અત્યંત નીરસ છે.

અહો, જ્ઞાને અંતર્મુખ થઈને જ્યાં પોતાના આવા જ્ઞાનરસનો સ્વાદ લીધો ત્યાં તે જ્ઞાનપર્યાય સામાન્યજ્ઞાન સાથે અભેદ થઈને એકપણે પરિણમી છે; તેમાં રાગાદિ તો નથી, ને ભેદ પણ નથી. જ્ઞાનપર્યાયો છે તે તો અંતરમાં એકાગ્ર થઈને અભેદને જ અભિનંદે છે. પર્યાયમાં મતિશ્રુત વગેરે ભેદો છે તેથી કાંઈ જ્ઞાનસ્વભાવ ભેદાઈ જતો નથી, તે બધી પર્યાયો તો અંતરમાં અભેદને અનુભવતી થકી જ્ઞાનસ્વભાવને જ અભિનંદે છે. જુઓ, આ ધર્મીની જ્ઞાનદશાનું સ્વરૂપ! આવું અભેદસ્વભાવને અભિનંદતું જ્ઞાન, તેનો અનુભવ તે પરમાર્થ મોક્ષનો ઉપાય છે; તે જ્ઞાનમાં આત્મલાભ છે, ને તેમાં રાગાદિ અનાત્માનો પરિહાર છે. અહો, આવા અદ્ભુત જ્ઞાનતરંગથી ચૈતન્યરત્નાકર સ્વયમેવ ઉલ્લસી રહ્યો છે. અત્યંત નિર્મળ આનંદમય સ્વસંવેદનપર્યાયો, તેમાં અદ્ભુત નિધિવાળા ચૈતન્યરત્નાકર ભગવાનનો રસ અભિન્ન છે; નિર્મળજ્ઞાનપરિણતિથી જુદો આત્માનો રસ નથી. આત્માનો રસ નિર્મળ ચૈતન્યપર્યાયમાં અભેદ છે; તે પર્યાયરૂપી તરંગસહિત ચૈતન્યસમુદ્ર પોતામાં ડોલી રહ્યો છે.

આ ચૈતન્યસ્વરૂપ નિજપદ એક છે, તે નિજપદને અનુભવનારું જ્ઞાન પણ તેમાં અભેદ થાય છે, તેથી તે પણ એક જ છે. અભેદ છે. આવું જે અંતરમાં અભેદ થઈને પરિણમેલું (ને રાગાદિથી જુદું પરિણમેલું) પરમાર્થરૂપ જ્ઞાન છે તે જ સાક્ષાત્ મોક્ષ–

ઉપાય છે; આ જ્ઞાનમાં શ્રદ્ધા–આનંદ વગેરે અનંત ભાવોથી ભરેલો ચૈતન્યરસ વેદાય છે; પણ રાગના કોઈ અંશનું વેદન તેમાં સમાતું નથી. ધર્મીને જ્ઞાનની પર્યાયમાં ભલે અનેક ભેદ હો, પણ તે બધાય ભેદો–બધી પર્યાયો અંતરના જ્ઞાનસ્વભાવ સાથે જ એકપણે પરિણમે છે, એકેય પર્યાય રાગના કોઇ અંશ સાથે ભળતી નથી; દરેક પર્યાય રાગથી છૂટી જ રહે છે, ને અંતરના ચિદાનંદસ્વભાવમાં તન્મય થઈને તેને જ અનુભવે છે, એ રીતે તે બધી પર્યાયો આત્માના નિજપદની એકતાને જ અભિનંદે છે આવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું એકનું જ અવલંબન કરવાથી નિજપદની પ્રાપ્તિ થાય છે, આત્માનો લાભ થાય છે ને ભ્રાંતિનો નાશ થાય છે. આવા જ્ઞાનના અનુભવથી જ મોક્ષ પમાય છે.

મોટા કેવળજ્ઞાનમાં અનુભવાયું તે જ્ઞાનપદ મોટું, ને સાધકના નાનકડા મતિ–શ્રુતજ્ઞાનમાં અનુભવાયું તે જ્ઞાનપદ નાનું–એવા કાંઇ ભેદ નથી. કેવળજ્ઞાન જેવી મોટી જ્ઞાનપર્યાય હો, કે મતિશ્રુતજ્ઞાન જેવી નાની જ્ઞાનપર્યાય હો, તે બધી પર્યાયો અંતરમાં અભેદ થઈને એક જ્ઞાનસ્વભાવપણે જ પોતાને પ્રસિદ્ધ કરે છે, એટલે એક નિજપદને જ તે અભિનંદે છે, તેને ભેદતી નથી. આ રીતે જ્ઞાનસ્વભાવની અનુભૂતિમાં કોઈ ભેદ રહેતા નથી, એક ચૈતન્યસ્વાદથી ભરેલા નિજપદસ્વરૂપે જ ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે. અહો, આવા જ્ઞાનસ્વરૂપ નિજપદને હે જીવો! તમે દેખો! દુનિયાના લોકો આ પદને પામે કે ન પામે, પણ હે મોક્ષાર્થી! તું જો તારા આત્માના સુખને અનુભવવા ચાહતો હો તો, લોકની દરકાર છોડીને તારા આવા જ્ઞાનમય નિજપદને અનુભવમાં લે. આ જ્ઞાનસ્વરૂપના અનુભવથી જ તને ઉત્તમ સુખ થશે.

આત્મધર્મના ચાલુ સાલના ગ્રાહકોને ‘વીતરાગવિજ્ઞાન’ (છ ઢાળા પ્રવચન ત્રીજો ભાગ) ભેટ આપવામાં આવેલ છે. વૈશાખ સુદ બીજ સુધી જ આ પુસ્તક ભેટ અપાશે. તો આપનું ભેટપુસ્તક (રૂબરૂમાં, અગર ૩૦ પૈસાનું પોસ્ટેજ ખર્ચ મોકલીને) મેળવી લેવા સૂચના છે. વૈશાખ સુદ બીજ સુધીમાં ગ્રાહક થનારને ભેટપુસ્તક મળશે. આ ઉપરાંત બીજું ભેટ પુસ્તક પણ તૈયાર થાય છે.

**(વૈશાખથી આસો સુધીના અંકોનું લવાજમ બે રૂપિયા છે.)**

**શ્રી જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ધર્માત્માની અખંડ જ્ઞાનધારા

જેમ શાશ્વત હિમવન પર્વતમાંથી વહેતી ગંગાનો પ્રવાહ કદી તૂટતો નથી તેમ ભેદજ્ઞાનવડે શાશ્વત ચૈતન્ય–હિમાલયમાંથી જે જ્ઞાનગંગાની પવિત્ર ધારા પ્રગટી તેની ધારા ધર્મીને કદી તૂટતી નથી, અચ્છિન્નપણે તે કેવળજ્ઞાનને સાધે છે. પરપરિણતિને તોડતી અને પોતે અછિન્ન રહેતી તે જ્ઞાનધારા આનંદ તરંગથી ઊછળતી–ઊછળતી મોક્ષ તરફ ચાલી જાય છે. કેવળજ્ઞાન મહા આનંદનો સમુદ્ર, તેના તરફ દોડતી સાધકની જ્ઞાનધારા પણ અપૂર્વ આનંદમય છે.

( સમયસાર સંવરઅધિકાર– પ્રવચનોમાંથી )

* 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 *

ચૈતન્યભાવ અને રાગદિભાવો એ બંનેની અત્યંત ભિન્નતા જાણીને, ભેદજ્ઞાન–વડે શુદ્ધાત્માને અનુભવમાં લેતાં ધર્મીને જે આનંદમય જ્ઞાનધારા પ્રગટી, તે ધારાને અચ્છિન્નપણે ચાલુ રાખીને તે કેવળજ્ઞાનને સાધે છે. જેમ શાશ્વત હિમવન–પર્વતમાંથી વહેતી ગંગાનો પ્રવાહ કદી તૂટતો નથી, તેમ ભેદજ્ઞાનવડે શાશ્વત ચૈતન્યના હિમાલયમાંથી જે જ્ઞાનગંગાની પવિત્ર ધારા જ્ઞાનીને પ્રગટી તે જ્ઞાનગંગાની ધારા કદી તૂટતી નથી, તે અછિન્નધારાએ કેવળજ્ઞાનને સાધે છે.

અહો ! આનંદસ્વરૂપ આત્મા તે આરામનો બાગ છે, તે શાંતિનું ધામ છે–એમ ધર્મી પોતાના આત્માને જ ધ્યાન વિષય બનાવે છે....તે ધ્રુવધામમાં જ તેની પરિણતિ આરામ કરે છે–ઠરે છે. ધ્રુવપણે–નિશ્ચલપણે શુદ્ધાત્મામાં ઊંડે ઊંડે ઊતરીને, ધારાવાહીપણે તેને જ અચ્છિન્નપણે અનુભવે છે; અહો, જ્ઞાનપર્યાય આનંદધામમાં ઘૂસી ગઈ... તે હવે કોઈપણ પ્રસંગે જ્ઞાનધારા તૂટયા વગર નિરંતર શુદ્ધઆત્માને જ અનુભવતી થકી, પૂર્ણ શુદ્ધઆત્માને પ્રાપ્ત કરે છે, ને તેને સમસ્ત પરપરિણતિ છૂટી જાય છે. પરપરિણતિને તોડતી, ને પોતે અચ્છિન્ન રહેતી જ્ઞાનધારા આનંદતરંગથી ઊછળતી–ઊછળતી મોક્ષ તરફ ચાલી જાય છે. કેવળજ્ઞાન મહાઆનંદનો સમુદ્ર, તેના તરફ દોડતી સાધકની જ્ઞાનધારા પણ અપૂર્વ આનંદમય છે.

જેમ શાશ્વત સરોવરમાંથી વહેતી ગંગા–સિંધુની ધારા કદી તૂટે નહિ, સુકાય નહિ, અચ્છિન્નધારાપણે સદા વહ્યા જ કરે; તેમ શાશ્વત ચિદાનંદ–ધામમાંથી વહેતી

પવિત્ર જ્ઞાનગંગાની આનંદમય ધારા ધર્મીને કદી તૂટે નહિ, જ્ઞાનધારા કદી સુકાય નહિ; શરીરાદિની સ્થિતિ ગમે તે હો, સંયોગ ગમે તે હો, રાગાદિ હો–પણ સ્વભાવને અવલંબતી આનંદમય જ્ઞાનધારાનો અચ્છિન્ન પ્રવાહ ધર્મીને કદી તૂટતો નથી સાદિ–અનંતકાળની જ્ઞાનધારામાં વચ્ચે વિકારનો–અજ્ઞાનનો અવસર જ નથી.

પહેલાં અનાદિના અજ્ઞાનમાં મિથ્યાદ્રષ્ટિને વિકલ્પની ધારા અચ્છિન્ન હતી, અનાદિથી તેમાં કદી ભંગ પડયો ન હતો; હવે ભેદજ્ઞાન થતાં તે ધારા તો તૂટી, ને અપૂર્વ જ્ઞાનધારા શરૂ થઇ. શુદ્ધઆત્માના અનુભવથી જે જ્ઞાનધારા પ્રગટી તે ચૈતન્ય – પાતાળમાંથી એવી ઊછળી છે કે હવે સાદિ–અનંતકાળ તેમાં કદી ભંગ નહીં પડે, વચ્ચે અજ્ઞાન આવ્યા વગર અછિન્નધારાએ કેવળજ્ઞાન થશે.

## આ તો અંદર અનુભવ કરીને અંદર જ સમાવાનું છે.

અહા જુઓ તો ખરા! આ ચૈતન્યનું પરાક્રમ! ચૈતન્યધારા અંતરના પાતાળમાંથી મિથ્યાત્વને તોડીને ઉલ્લસી, તે ચૈતન્યધારા હવે પરભાવના કોઈ અંશને પોતામાં આવવા ન દે, એટલે પરભાવથી રહિત શુદ્ધપણે જ આત્માને અનુભવતી થકી, વિભાવ પરિણતિને તોડીને પોતે કેવળજ્ઞાનરૂપે થઈને પરમ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે.

અહો! ચૈતન્યના અનુભવની અપાર તાકાત! તેના મહિમાની જગતને ખબર નથી. બાપુ! વચનાતીત અનુભવની વાત વાણીમાં તો કેટલી આવે? અનુભવગમ્ય વસ્તુને પોતે અનુભવમાં લ્યે ત્યારે તેની ગંભીરતાનો ખ્યાલ આવે. આત્માનો સ્વભાવ જ એવો છે કે એમાં એકાગ્ર થઇને પરિણમતાં શુદ્ધપરિણતિરૂપે તેનો ઉત્પાદ થયા જ કરે છે. ભાવનો અભાવ, ને અભાવનો ભાવ–એમ શુદ્ધપરિણતિ તેને થયા જ કરે છે. અહા, આ તો અંદરમાં અનુભવ કરીને અંદર જ સમાવાની વસ્તુ છે; આ કાંઈ બહારમાં બીજાને બતાવવાની કે વાદવિવાદમાં ઊતરવાથી પાર પડે તેવી વસ્તુ નથી. અંદરમાં પોતે પોતાનું કરી લેવાની વાત છે. પોતાનું સાચું તત્ત્વ પ્રાપ્ત કરીને પોતાને શાંતિ અને તૃપ્તિ થાય તે જ પ્રયોજન છે.

અરે જીવ! એકવાર કોઈપણ રીતે, પરમ પુરુષાર્થ કરીને આત્માને શુદ્ધપણે અનુભવમાં લઈને જ્ઞાનધારા પ્રગટાવ. અનુભવી ગુરુઓએ જે માર્ગ બતાવ્યો તે માર્ગે પરમ પુરુષાર્થ વડે અંદર ઊતરીને, રાગ સાથે એકતાની અજ્ઞાનધારાને તોડ અને જ્ઞાનધારાવડે ચૈતન્યની શુદ્ધતારૂપ આનંદનું વેદન કર.

# ધર્મીની જ્ઞાનધારા અચ્છિન્ન છે.
# તે જ્ઞાનધારામાં જે શાંતિ છે તે જગતમાં બીજે ક્યાંય નથી

જ્ઞાનધારામાં પરમ શાંતરસનું વેદન છે. વીતરાગરસના અખંડ વહેણ એમાં વહે છે. સિંહ–વાઘ–સર્પ કે નારકીમાં પણ જેઓ અંતરમાં આત્માને શુદ્ધપણે પરમ પુરુષાર્થથી અનુભવે છે તેઓને અંદરમાં આનંદરસની ધારા વહે છે. બહારમાં મોટો નાગ હોય, ને અંદર એનો આત્મા આનંદમય ચૈતન્યના અતીન્દ્રિય અમૃતરસને અનુભવતો હોય. આ તો ‘જે મારે તેની તલવાર’ જેવું છે, એટલે આનંદ તો બધા આત્માના સ્વભાવમાં ભર્યો છે પણ જે પુરુષાર્થ કરીને (ભેદજ્ઞાનરૂપી તલવારના પ્રહાર વડે જ્ઞાન અને રાગને જુદા કરીને) અંદરમાં ઊતરે એને અંદર આત્માના મહા આનંદનો અનુભવ થાય છે.–ભલે સિંહ હોય કે નાગ હોય, બાળક હોય કે મોટો રાજા હોય,–જે જાગે તે આત્માના અનુભવનું કામ કરી લ્યે છે ને મહાન આનંદની ધારા અનુભવે છે. સમ્યગ્દર્શન થયું ત્યારથી મોક્ષ થતાં સુધી એવી અછિન્ન ધારાએ આત્માને અનુભવમાં લેવો કે વચ્ચે કદી તેમાં ભંગ ન પડે, સમ્યગ્જ્ઞાની ધારા ન તૂટે નિર્વિકલ્પદશા હો કે સવિકલ્પદશા હો,–ધર્મીની જ્ઞાનધારા તૂટતી નથી; અચ્છિન્ન જ્ઞાનધારાથી વિકલ્પોને તોડીને ધર્મીજીવ કેવળજ્ઞાનને સાધે છે. સાતમા ગુણસ્થાન પછી તો શુદ્ધોપયોગની અચ્છિન્ન ધારાવડે અંતર્મુહૂર્ત માં જીવ કેવળજ્ઞાન પામે છે.

જુઓ તો ખરા, બાહુબલી ભગવાન અંદર આત્માની ધ્યાનદશામાં એકવર્ષ સુધી કેવા ઊભા છે! આત્માની જ્ઞાનધારાનું કેવું પરાક્રમ એમની મુદ્રામાં દેખાય છે! અદ્ભુત વીતરાગતા ઝળકે છે. એક વર્ષ સુધી અડોલપણે ઊભાઊભા શુદ્ધ ચૈતન્યને ધ્યાવી–ધ્યાવીને અચ્છિન્નધારાએ અંતે કેવળજ્ઞાન લીધું. આત્માની સાધનાનો એ અજોડ નમૂનો છે, આશ્ચર્યકારી છે. શ્રવણબેલગોલમાં એ બાહુબલીભગવાનની ભવ્યમૂર્તિ દેખીને પં. જવાહરલાલ નહેરુ જેવા પણ આશ્ચર્ય પામી ગયા હતા. (શ્રીમતી ઈન્દિરાબેન ગાંધી પણ તે વખતે તેમની સાથે હતા.) અરે, ચૈતન્યની સાધનામાં કેવી અદ્ભુત શાંતિ છે! તેની જગતને ખબર નથી.

બાપુ! તારું ચૈતન્યતત્ત્વ કાંઈ ખાલી નથી; અનંતી શાંતિના ભાવોથી તે તન્મય ભરેલું છે. અહા, એના પરમ મહિમાનું શું કહેવું? આનંદમય ચૈતન્યનો મહિમા

જેને આવ્યો તેને રાગાદિ કોઈનો મહિમા રહે નહીં. મારો આત્મા જ અનંત શાંતિથી ને મહા આનંદથી ભરેલો અવિનાશી પદાર્થ છે; આત્મામાં જેવી શાંતિ છે તેવી શાંતિ જગતમાં બીજે ક્યાંય નથી, –આમ પોતાના અચિંત્ય અપાર મહિમાને જાણીને તેમાં જ ધર્મીજીવ ભેદજ્ઞાનવડે સ્થિર થાય છે; રાગાદિના કોઈ અંશને ચૈતન્યની શાંતિમાં તે ભેળવતો નથી.

## * આનંદ કરતાં-કરતાં પ્રભુના માર્ગે ચાલી રહ્યા છીએ *

આત્મા આનંદથી ભરેલું તત્ત્વ છે. હે ભાઈ ! એકવાર જગતના વિકલ્પની જાળથી છૂટો પડીને, નિશ્ચલપણે આત્માના મહિમામાં એવો લાગ કે તેમાં જ પરિણામ તન્મય થઇ જાય. સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ મોટો, મહા આનંદથી ભરેલો ગંભીર પદાર્થ તારામાં, તું પોતે છો– એમ તને સાક્ષાત્ અનુભવાશે, તારું શુદ્ધતત્ત્વ તને પર ભાવોથી અત્યંત જુદું દેખાશે. આત્માને એવી રીતે જાણ કે જે જાણતાં અતીન્દ્રિય આનંદ થાય. જ્ઞાન સાથે આનંદનું વેદન ન થાય એમ બને નહિ. સાચુ જ્ઞાન જ ત્યારે કહેવાય કે જ્યારે સાથે અતીન્દ્રિય આનંદનું વેદન પ્રગટે. એકલા શાસ્ત્રથી ધારણા કરીને જાણ્યું તે ખરું જાણ્યું ન કહેવાય. અંતરમાં તન્મય થઈને આનંદના વેદન સહિત, શુદ્ધોપયોગ વડે જાણ્યું તે ખરું જાણ્યું છે. આત્માનું સ્વરૂપ શુદ્ધ છે – વિકલ્પ વગરનું છે એટલે તેની સન્મુખ થયેલું જ્ઞાન પણ શુદ્ધ નિર્વિકલ્પ (–વિકલ્પથી જુદું) થઈ જાય છે. નિર્વિકલ્પ આનંદસ્વભાવી આત્માની સન્મુખ પરિણતિ થાય અને તે પરિણતિમાં નિર્વિકલ્પ આનંદનું વેદન ન થાય – એમ બને નહીં.

અહો, આત્મા તો કેવો ગંભીર ! –કે વાણીથી જે કહેવાય નહીં, વિકલ્પમાં જે આવે નહીં, દેખતાં વેંત જે અગાધ આનંદ આપે–એ તે વસ્તુ કેવી ? આવી આત્મવસ્તુને જોવાનું એકવાર કુતૂહલ તો કર. જે આત્માના આનંદને સાધતાં–સાધતાં સંતો મોક્ષ તરફ ચાલ્યા જાય છે તે આત્મા તારામાં છે, તેને દેખવા માટે આશ્ચર્ય કર ! જગતનું આશ્ચર્ય ભૂલીને તું આત્માનું આશ્ચર્ય અને મહિમા કર. જેમાં આનંદના પૂર ઊછળે છે એવા આત્માને જાણતાં ધર્મી પ્રમોદથી કહે છે કે–અહો પ્રભો ! આનંદ કરતાં કરતાં અમે તારા કેડે ચાલ્યા આવીએ છીએ. તારા માર્ગમાં ક્યાંય દુઃખ નથી, કાંટા–કાંકરા વગરનો ચોખ્ખો તારો વીતરાગમાર્ગ, તેમાં અમે આનંદ સહિત ચાલી રહ્યા છીએ. મોક્ષનો મારગ તો આનંદમય જ હોય ને ! એમાં તે કાંઈ દુઃખ હોય ? એ તો દુઃખના અંતનો માર્ગ છે. સુખનો માર્ગ તે પણ સુખરૂપ જ છે. એમાં પરમ શાંતિ છે; શાંતિ સિવાય બીજા રાગાદિ કલુષ ભાવોનું તેમાં જરાય વેદન નથી.

## * શ્રી ગુરુ કહે છે કે આત્માના અનુભવનો અવસર છે. *

રાગથી જુદા પડેલો જ્ઞાનવડે આત્માનો અનુભવ થાય છે. ભિન્ન લક્ષણ જાણીને ભેદજ્ઞાનવડે આવો અનુભવ કરવો તે સંવરધર્મ છે.

રાગવડે શુદ્ધઆત્મા અનુભવમાં નથી આવતો, રાગથી જુદા જ્ઞાનવડે એટલે કે ભેદજ્ઞાનવડે શુદ્ધઆત્મા અનુભવમાં આવે છે.

રાગની ધારાથી જુદી એવી પવિત્ર જ્ઞાનધારાવડે જે અછિન્નપણે આત્માને અનુભવે છે તે શુદ્ધઆત્માને પ્રાપ્ત કરે છે એટલે કે શુદ્ધ – આનંદમય દશા તેને પ્રગટે છે.

શુદ્ધઆત્મામાં રાગાદિ ભાવો નથી, એટલે શુદ્ધઆત્માના અનુભવમાં રાગાદિ ભાવો પ્રગટતા નથી.

શુદ્ધઆત્મા જ્ઞાન–આનંદથી ભરેલો છે, એટલે શુદ્ધઆત્માના અનુભવમાં જ્ઞાન–આનંદના ભાવો જ પ્રગટે છે.

જ્યાં જ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કર્યો ત્યાં અજ્ઞાનની અનાદિની સંતતિ તૂટી; રાગથી જ્ઞાન જુદું પડી ગયું, એટલે મિથ્યાત્વની ધારા (જે અનાદિની અચ્છિન્ન હતી તે) છિન્ન થઈ ગઈ, અને રાગથી જુદી એવી અપૂર્વ જ્ઞાનધારા પ્રગટી; તે અચ્છિન્નધારાએ શુદ્ધઆત્માને અનુભવતી થકી કેવળજ્ઞાન લેશે.

જેમ પર્વત ઉપર વીજળી પડીને બે કટકા થયા તે પાછા સંધાય નહીં; તેમ શુદ્ધ આત્માના નિર્વિકલ્પ અનુભવરૂપી વીજળી પડીને રાગ જ્ઞાનથી એકતા તૂટી બે કટકા થયા, તે ફરીને એક થાય નહીં. રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન થયું તેને રાગ સાથે એકતાબુદ્ધિ થાય નહીં. આવા ભેદજ્ઞાનની અચ્છિન્નધારાવડે કેવળજ્ઞાન થાય છે.

ભેદજ્ઞાન વગર રાગનો જ અનુભવ કરી કરીને જીવ દુઃખી થયો છે. ભેદજ્ઞાનવડે રાગથી ભિન્ન જ્ઞાનનો અનુભવ કરતાં જ જીવ આનંદિત થાય છે. તેથી કહ્યું કે–'આત્મા ઉપયોગસ્વરૂપ જ રહ્યો છે, રાગરૂપ થઈ ગયો નથી'–આવું ભેદજ્ઞાન કરીને હે સત્પુરુષો! તમે પ્રસન્ન થાઓ... આનંદિત થાઓ. ભેદજ્ઞાન થતાવેંત આનંદ સહિત આત્માનો અનુભવ થાય છે. આવો અનુભવ તે મોક્ષનું કારણ છે.

હે જીવ! પ્રજ્ઞાછીણીવડે એકવાર રાગને મારી નાંખ ને જ્ઞાનને જીવતું કર. રાગ

સાથે એકતાબુદ્ધિથી તારું ભાવમરણ થાય છે, તે ભાવમરણથી બચવા માટે રાગને મારી નાંખ એટલે કે તેને અચેતન કરી નાંખ–આત્માથી જુદો કરી નાંખ; રાગ સાથે એકતા કરનારો જે મિથ્યાત્વરૂપી યોદ્ધો, તેને ભેદજ્ઞાનરૂપી બાણ વડે મારી નાંખ ને ઉપયોગસ્વરૂપ આત્માને જીવતો કર, –શ્રદ્ધામાં લે, અનુભવમાં લે.

ધ્રુવ ચિદાનંદસ્વભાવ તરફ વળેલું ધારાવાહીજ્ઞાન શુદ્ધઆત્માને અનુભવતું થકું નિજસ્વરૂપમાં વિશ્રામ કરે છે. આત્મ–આરામ એટલે આત્માનો બાગ, આત્માના આનંદનો બગીચો, તેમાં લીન થઈને જ્ઞાન શુદ્ધઆત્માને અનુભવે છે.–આવા અનુભવનું નામ સંવર છે; તેમાં રાગાદિનો અભાવ છે, કર્મનો અભાવ છે.

આરામ કહો કે આનંદ કહો, તે આત્માના અનુભવમાં પ્રગટ થાય છે. શુભાશુભ પરભાવો તે તો થાક છે, દુઃખ છે, તેમાં જીવને આરામ નથી, શાંતિ નથી. રાગથી પાર એવું જે ચૈતન્યસ્વરૂપ, તેમાં નિશ્ચલ રહેનારું ધારાવાહી જ્ઞાન, તે જ આત્મઆરામમાં કેલિ કરનારું છે; તેમાં જ શાંતિ ને આનંદ છે.

અતીન્દ્રિય ચૈતન્યનો સ્પર્શ કરતાં એટલે કે અનુભવ કરતાં રાગાદિ વિભાવો રોકાઈ જાય છે; એટલે પર–પરિણતિ દૂર થઈને શુદ્ધ જ્ઞાનપરિણતિ પ્રગટે છે; તે સ્વસન્મુખ પરિણતિ શુદ્ધઆત્માને જ પ્રાપ્ત કરે છે, રાગનો અંશ પણ તેમાં નથી.

ભાઈ, આવા આત્માનો અનુભવ કરવાનો આ મોકો છે, અવસર છે; માટે તું વિભાવથી વિમુખ થઇને સ્વભાવની સન્મુખ થા; ધારાવાહી ભેદજ્ઞાનનો ઉદ્યમ કર.

જેમ શાશ્વતી ગંગાનદીનો પ્રવાહ અચ્છિન્નધારાએ સદાય ચાલ્યા કરેછે તેમ ભેદજ્ઞાનરૂપી પવિત્ર ગંગા નદીનો જે પ્રવાહ ચૈતન્યના પહાડમાંથી નીકળ્યો તે અચ્છિન્નધારાએ કેવળજ્ઞાનસમુદ્રમાં જઈને ભળશે–એવું ધારાવાહી ભેદજ્ઞાન પ્રગટ કરવું તે અપૂર્વ છે, તે જ કરવા જેવું છે. આવી ભેદજ્ઞાનધારા જીવને આનંદ પમાડનારી છે.

એકલા શુદ્ધાત્માને સ્વજ્ઞેયપણે પકડીને નિર્વિકલ્પ ઉપયોગ ધારાવાહીપણે ટકી રહે તો અંતર્મુહૂર્તના અલ્પકાળમાં કેવળજ્ઞાન પામી જાય. અને નીચલી દશામાં સાધકને ઉપયોગની નિર્વિકલ્પધારા ચાલુ રહેતી નથી. પણ ભેદજ્ઞાનની અખંડધારા ચાલુ રહે છે. સવિકલ્પદશામાંય તેને વિકલ્પથી જુદી ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે; આ રીતે અચ્છિન્ન ભેદજ્ઞાનધારા વડે અલ્પકાળમાં આત્માની પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરીને કેવળજ્ઞાન થાય છે.

સમ્યગ્દ્રષ્ટિ કાંઈ સદાય નિર્વિકલ્પ અનુભવમાં ન રહી શકે; પરંતુ સવિકલ્પ દશા વખતેય તેનું સમ્યગ્દર્શન કે ભેદજ્ઞાન ખસે નહિ. શુભ કે અશુભ વખતેય તે શુભ અશુભથી જુદી એવી જ્ઞાનધારા તેને વર્તે જ છે; શુભાશુભ વખતે કાંઈ જ્ઞાનધારા તૂટી જતી નથી, કે જ્ઞાનધારા પોતે મેલી થઈ જતી નથી. શુભાશુભ વખતે જ તેનાથી ભિન્ન શુદ્ધઆત્માનું જ્ઞાન વર્તે છે, તે કાંઈ અજ્ઞાન થઈ જતું નથી.–આવી અવિચ્છિન્ન જ્ઞાનધારા તેનું નામ ધર્મ છે, ને તે સંવર તથા મોક્ષમાર્ગ છે.

ભેદજ્ઞાનના મહિમાપૂર્વક આચાર્યદેવ કહે છે કે –અહો! આ ભેદવિજ્ઞાનને અચ્છિન્નધારાએ ત્યાંસુધી ભાવો કે જ્યાંસુધી પરથી ભિન્ન થઇને જ્ઞાન જ્ઞાનમાં જ સ્થિર થઈ જાય.

## * સંવરધર્મ એટલે સુખ; સુખ એટલે સ્વાનુભવ *

સંવર એટલે શાંતિનું વેદન, સુખની અનુભૂતિ. તે ભેદજ્ઞાન વડે થાય છે. આત્માના સુખની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા ભેદજ્ઞાન વડે જીવને સંવરધર્મ થાય છે. ભેદજ્ઞાનમાં પરભાવોથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્માનો સ્વાનુભવ છે. સંવરનો આધાર આત્મા પોતે આનંદભૂમિ છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા પોતે છે, તે સ્વરૂપમાં આરૂઢ થતાં આનંદપૂર્વક ભેદજ્ઞાન થાય છે. તે ભેદજ્ઞાન થતાં આત્મા પોતાને સર્વદા ઉપયોગમય અનુભવે છે ને રાગાદિ કોઇ પણ અન્ય ભાવોને પોતાના ઉપયોગ સ્વરૂપમાં તે ભેળવતો નથી. રાગથી જુદો જ પોતાનો સ્વાદ તે લ્યે છે. પોતે ચૈતન્ય ભાવપણે પોતાને રાખીને રાગને જુદાપણે જાણે છે. અજ્ઞાની રાગાદિના પ્રસંગમાં આપઘાત (પોતાનો ઘાત, આત્માના સ્વભાવનો ઘાત) કરે છે,–રાગથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવને ભૂલી જાય છે, ને રાગરૂપે જ પોતાને અનુભવે છે તે પરમાર્થે આત્મઘાત છે. ધર્મી જીવ, ગમે તેવી પ્રતિકૂળતાના ગંજ આવી પડે કે જરાક આર્તધ્યાન થઈ જાય તો પણ, જ્ઞાનસ્વરૂપપણે પોતાને તન્મયપણે વેદતો થકો, અને રાગાદિમાં જરાય તન્મયતા નહિ અનુભવતો થકો, ચૈતન્ય–જીવનપણે પોતાને જીવતો રાખે છે, આત્મઘાત કરતો નથી, આત્માના સ્વભાવને હણતો નથી.–તેને સંવર છે, સુખ છે, ધર્મ છે, શુદ્ધતા છે, મોક્ષનો પંથ છે. ધર્મીની આવી નિર્વિકલ્પ અંતર્દશાનું માપ કોઈ બહારના ચિહ્નથી –રાગથી કે સંયોગથી થઈ શકે નહિ; વિકલ્પ વડે તેની ઓળખાણ થાય નહીં; વિકલ્પથી ભિન્ન પડેલા ભેદજ્ઞાનથી જ તેની સાચી ઓળખાણ થાય છે, ને એને જ સ્વાનુભવના સુખનો સ્વાદ આવે છે.

રાગાદિથી ભિન્ન શુદ્ધ ચૈતન્યને જે અનુભવે તેને જ આત્માનો શુદ્ધ સ્વાદ આવે; રાગ સાથે ભેળસેળવાળાને ચૈતન્યનો શુદ્ધ સ્વાદ આવે નહીં. એટલે ભેદજ્ઞાન વડે જ શુદ્ધાત્માનો સ્વાદ આવે છે ને શુદ્ધાત્માને અનુભવનારો તે જીવ જ શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. શુદ્ધાત્માની પ્રાપ્તિ થતાં રાગાદિનો ને કર્મનો સંવર થઇ જાય છે.

બાપુ! તારી ચીજ ક્યાંય બહારમાં નથી, અંદર ચૈતન્યભાવપણે તારો આત્મા અનંત ગુણથી ગંભીર છે, તેમાં ઊંડો ઊતરતાં જે મહા આનંદનું વેદન થાય છે–તે કોઈ અદ્ભુત અતીન્દ્રિય છે. ધર્માત્મા અંધારી ઓરડીમાં જઇને અંદર જ્ઞાનપ્રકાશથી ધ્યાનવડે એકલો–એકલો ચૈતન્યના આનંદનો સ્વાદ લેતો હોય, ત્યાં બહારમાં તો કાંઈ નથી છતાં આનંદ ક્યાંથી આવ્યો? આત્મા પોતે આનંદસ્વરૂપ છે, તેમાં ડુબકી મારતાં અલૌકિક આનંદનો સ્વાદ સાક્ષાત્ વેદાય છે.–તેમાં દુનિયાના કોઈ પદાર્થની અપેક્ષા નથી. રાગથી ભિન્ન પડેલી જ્ઞાનની અચ્છિન્નધારા ધર્મીને કદી તૂટતી નથી; અતૂટ પ્રવાહપણે તે પોતાને જ્ઞાનાનંદપણે જ અનુભવે છે; વિકલ્પથી છૂટી પડેલી જ્ઞાનધારા–આનંદધારા તે ફરીને કદી કોઈ વિકલ્પ સાથે એકમેક થવાની નથી, અચ્છિન્નધારાપ્રવાહે આગળ વધીને તે કેવળજ્ઞાન–સમુદ્રમાં ભળવાની છે.

વિકલ્પના કાળે પણ ધર્મીને જ્ઞાનધારા અખંડ વહે છે. ચિદાનંદ સમુદ્રમાંથી ઊછળેલી જ્ઞાનધારાને કોઈ વિકલ્પો તોડી શકે નહિ. ઊછળતી આનંદધારા વિકલ્પોને તોડતી, પરભાવોને ભિન્ન પાડતી કેવળજ્ઞાન તરફ દોડી જાય છે. આનંદના શાશ્વત ધામમાંથી વહેતો આનંદનો ધોધ કદી સુકાય નહીં. વરસાદ ન આવે તો મોટીમોટી નદીના પાણી સુકાય પણ શાશ્વતો સ્વયંભૂરમણ સમુદ્ર કદી સુકાય નહીં, તેમ શાંતિના સ્વયંભૂરમણ સમુદ્રમાં એકાગ્ર થતાં પર્યાયમાં જે આનંદમય–શાંતરસથી ભરપૂર જ્ઞાનધારા વહેવા માંડી તે કદી સુકાય નહીં, તેની ધારા તૂટે નહીં. ઉદયભાવો તો સુકાઇ જશે પણ ધર્મીની જ્ઞાનધારા કદી સુકાશે નહીં. અરે! આવા જ્ઞાનમય તારા તત્ત્વમાં જો તો ખરો કે અંદર કેવી શાંતિ છે! શાંત–શાંત–શાંતભાવમાં ઠરી ગયેલો પિંડલો તારો આત્મા છે, તેની સન્મુખના ભાવમાં તો જ્ઞાન ને શાંતિ જ હોય, તેમાં આકુળતા કે અજ્ઞાન ન હોય.

હે જીવ! એકવાર અંદરમાં ઊતરીને આવા આત્માને ભાવ તો ખરો.... એના અનુભવનો સ્વાદ તો ચાખ.... તને કોઈ અપૂર્વ પરમ શાંતિ વેદાશે. શુદ્ધતાના વેદનની સિંહગર્જના કરતો આત્મા જ્યાં જાગ્યો ત્યાં રાગાદિ ઉદયભાવો ઊભા ન રહે. જ્ઞાનની ધારામાં ઉદયભાવનો કોઇ અંશ સમાય નહિ, જ્ઞાનધારા શુદ્ધતાથી ઉલ્લસતી થકી

(વિજયાર્દ્ધની ગૂફામાં વેહતી ઉન્મગા નદીની જેમ) પરભાવોને પોતાથી બહાર ફેંકી દે છે. જ્ઞાનધારામાં રાગ પ્રવેશી શકે નહીં. અખંડ જ્ઞાનધારા રાગથી જુદી ને જુદી રહેતી થકી, શુદ્ધપણે પોતાને અનુભવતી થકી, વૃદ્ધિરૂપ થઇને કેવળજ્ઞાનરૂપ થાય છે.

**જય હો આનંદમય અચ્છિન્નધારાવાહી ભેદજ્ઞાનનો.**

## સમ્યક્ત્વ માટે જ્ઞાનસ્વભાવનો નિર્ણય

* હું જ્ઞાનસ્વભાવ છું – એવો જે ખરો નિર્ણય છે તેની સંધિ જ્ઞાનસ્વભાવ સાથે છે, વિકલ્પ સાથે તેની સંધિ નથી.
* જ્ઞાન અને વિકલ્પ બન્ને નિર્ણયકાળમાં હોવા છતાં, તેમાંથી જ્ઞાનસ્વભાવ સાથે સંધિનું કામ જ્ઞાને કર્યું છે, વિકલ્પે નહિ.
* જ્ઞાન સ્વભાવ સાથે સંધિ કરીને, તેના લક્ષે ઊપડેલી જ્ઞાનધારા જ્ઞાનના અનુભવ સુધી પહોંચી જશે.
* જ્ઞાનસ્વભાવ સાથે સંધિ કરવાની વિકલ્પમાં તાકાત નથી. જ્ઞાને સ્વભાવનો ‘ટચ’ કર્યો ત્યારે સાચો નિર્ણય થયો.
* જ્ઞાનસ્વભાવના નિર્ણયમાં, વિકલ્પથી જ્ઞાન અધિક થયેલું છે, જ્ઞાન અને વિકલ્પ વચ્ચે વીજળી પડી ચુકી છે, બન્ને વચ્ચે તિરાડ પડી ગઈ છે, તે સાંધ હવે ભેગી ન થાય.

જ્ઞાનવડે આવા આત્મનિર્ણયના બળે સમ્યક્ત્વ પમાય છે.

# સમ્યક્ત્વ - સન્મુખ જીવની અદ્ભુત દશા

## (૭)

## પ્હો’ ફાટયો છે... હમણાં ઝળહળતો સૂર્ય ઊગશે.

અહાહા! હજી જ્યાં ઝળહળતા સૂર્યનો પ્રકાશ થયો નથી પણ પરોઢનો પો’ ફાટફાટ થઈ રહ્યો છે, દિશાઓ ખૂલી ગઈ છે અને હમણાં જ અંધકારના વાદળને ભેદીને સૂર્યનો પ્રકાશ દશે દિશાને ઝળહળતી કરશે,–તે દશાની શી વાત! સમ્યગ્દર્શન–વસ્તુ જ એટલી અલૌકિક અને ગૂઢાર્થભાવવાળી છે કે એનું વર્ણન શું કરવું અને શું ન કરવું! ! તેના ગંભીર ભાવ ઘૂંટાયા કરે છે. જેને સમ્યગ્દર્શનરૂપી સૂર્ય હજી ઊગ્યો નથી પણ તેની સન્મુખ થયો છે તે જીવની રહેણીકરણી અન્ય મિથ્યાત્વી કરતાં ઘણી અલૌકિક હોય છે; તે જીવને આત્માના પ્રેમ સાથે સરળતા, કષાયની મંદતા, મોક્ષની અભિલાષા, સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે અનન્ય ભાવ, વગેરે ભાવો બીજા કરતાં જુદી જાતના હોય છે–

**કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ,**
**ભવે ખેદ, અંતર દયા, ત્યાં આત્માર્થ-નિવાસ.**

–શ્રીમદ્ રાજચંદજીએ આ ગાથામાં આત્માર્થી જીવની દશા બતાવી છે. તેને પરિણામમાં એટલી બધી મંદતા–શાંતપણું–ગંભીરતા હોય છે કે તે અંદર ને અંદર ઊતરતો જાય છે, કષાયનું ઉગ્રપણું તેને આવી જતું નથી. એકદમ શાંતિ અને ધીરજપણે તે મૂળમાર્ગ ઉપર ડગ માંડી રહ્યો છે, તેથી પરિણામમાં ચંચળતા બહુ ઓછી થાય છે; –કયારેક થઈ જાય છે તોપણ ભાવની વિશુદ્ધતા વડે તરત પાછો વળી જાય છે. તે હજી વેપાર વગેરે સંસાર–સંબંધી કાર્યોમાં જોડાતો હોવા છતાં તેના ભાવો બીજા જીવો કરતાં જુદા હોય છે. કોઈ પણ બહારના વિષયમાં કે કુતૂહલમાં તેની વૃત્તિઓ ઊછાળા મારતી નથી; કારણકે બહારના વિષયો ઉપરની જે લોલુપતા કે તીવ્રતા હતી તે હવે ચૈતન્યપ્રેમ વડે અંદરના માર્ગે ચડતાં ઘણી ઘટી ગઈ છે. સંસારની કે સંસારના સંયોગોની અભિલાષા છૂટીને મહા આનંદરૂપ મોક્ષની અભિ–

લાષા મુખ્ય થઈ ગઇ છે. મોક્ષ એટલે આત્માનું સંપૂર્ણ સુખ, તેની જ ભાવના રહ્યા કરે છે. એમ જ થયા કરે છે કે બહારમાં હવે મારે કાંઇ નથી જોઇતું; અનંતકાળ બહારના ભાવો કર્યાં પણ મને જરાય સુખ ન મળ્યું. મારે તો મારું સાચું સુખ જોઈએ છે. કેમ અપૂર્વ સુખ મળે ને અનાદિનાં દુઃખ કેમ ટળે ? તેનો જ ઉપાય મારે કરવો છે. અનંતકાળથી ભવભ્રમણમાં રખડી–રખડીને અનંત દુઃખો મેં ભોગવ્યા, હવે હું થાક્યો છું, કંટાળ્યો છું. હવે તે દુઃખી સંસાર કે તેના કારણરૂપ પર ભાવ મારે નથી જોઈતો, પણ સાચું મોક્ષસુખ જ જોઇએ છે. આવા–આવા અનેક પ્રકારનાં સાચા ભાવની શ્રેણીએ ચડતાં તે મુમુક્ષ જીવની રહેણીકરણીમાં જગતના જીવો કરતાં કુદરતી તફાવત પડી જાય છે.

તે આત્મસન્મુખ જીવને પ્રથમ સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપર અનન્ય બહુમાન –ભક્તિ અને અર્પણતાના એટલા તીવ્ર ભાવ હોય છે કે, અન્ય મિથ્યાદ્રષ્ટિજીવો કરોડોની સંપત્તિ અર્પણ કરશે તો પણ આ જીવ જેવી અર્પણતાના ભાવ નહિ લાવી શકે. પરમ મહિમાવંત ચૈતન્યતત્ત્વ બતાવનારા દેવ–ગુરુ પ્રત્યે તેને નિશંકતા આવી ગઈ છે, તેથી તેમની પાસે ચૈતન્યનો જે ઉપદેશ સાંભળવા મળે છે તે દેશના અંદર સોંસરવી જ્ઞાનમાં આરપાર ઊતરીને પોતાનું કાર્ય કરી લ્યે છે.

જીવાદિ છદ્રવ્ય તથા નવતત્ત્વની યથાર્થત્તા તથા સ્વતંત્રતા તે જીવના વિચારમાં એવા બેસી ગયા છે કે તેમાં ક્યાંય ગોટાળો ઉત્પન્ન થતો નથી, અગર એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ભેળસેળ કરતો નથી; હજી સમ્યક્–પરિણમન થયું ન હોવા છતાં વિચારમાં સ્વતંત્રતા બરાબર સમજાઈ ગઈ છે, ને પરથી ભિન્નતાના ભાવની દ્રઢતા વધતી જાય છે, ચૈતન્યનો પ્રેમ વધતો જાય છે. આ પ્રકારે ભેદજ્ઞાનનો ભાવ જેમ જેમ વધતો જાય છે. તેમ તેમ આકુળતા ઓછી થતી જાય છે ને શાંતિ–ધીરજ વધતા જાય છે. તે એમ વિચારે છે કે અરે, બહારમાં કે શરીરમાં મારું ધાર્યું થતું નથી; અને થાય તો પણ મને શું ? તે મારાથી જુદા છે, પછી શા માટે મારે તેના કર્તાપણાના ખોટાભાવ કરીકરીને દુઃખી થવું ?–હું તો જ્ઞાન છું.–આમ વિચારી અકર્તાસ્વભાવની સન્મુખ એટલે કે જ્ઞાનસ્વભાવની સન્મુખ થવાનો વિશેષ પ્રયત્ન અને મુખ્યતા વધારતો જાય છે. નવતત્ત્વસંબંધી વિચારમાં તેને દરેક તત્ત્વનું જ્ઞાન એટલું બધું ચોખ્ખું અને દ્રઢ થઇ ગયું છે કે તેમાં હવે ભૂલ થતી નથી; મૂળ બે તત્ત્વો, અને બાકીનાં પર્યાયરૂપ સાત તત્ત્વો, તેનું બરાબર જ્ઞાન વર્તે છે. શુભ–અશુભ ભાવોનો કયા તત્ત્વમાં સમાવેશ થાય છે, અને ધર્મદશાનો કયા તત્ત્વમાં સમાવેશ થાય છે, તેની

ભિન્નતાને બરાબર જાણે છે, અને પોતાના મૂળ તત્ત્વને જ્ઞાનમાં તારવી લ્યે છે. હું પોતે શુદ્ધ જીવતત્ત્વ ઉપયોગરૂપ કેવો છું? કેવડો મહાન છું? કેવું મારું કાર્ય છે?–એમ પોતાના આત્માસંબંધી અનેક પ્રકારના વિચારમાં જ્ઞાનને લંબાવે છે. જેમ જેમ વિચારધારા લંબાવતો જાય છે તેમ તેમ જ્ઞાનની દ્રઢતા વધતી જાય છે ને વિકલ્પ તરફનું જોર તૂટતું જાય છે તથા નિર્ણયમાં અસ્તિરૂપ જ્ઞાનસ્વભાવ તરફનું જોર વધતું જાય છે; અને વધુ ને વધુ સ્પષ્ટ ભાવભાસન થતું જાય છે કે–અહા! આવું ચૈતન્ય તત્ત્વ હું જ છું; અનંત ગુણોના પિંડરૂપ એકસ્વરૂપ ચેતનામય જ હું છું; હું ફક્ત ચેતના–ચેતનામય જ છું. મારી ચેતનામાં આનંદ વગેરે અનંત સ્વભાવો સમાય છે, પણ રાગાદિ કોઈ પરભાવો તેમાં સમાતા નથી, તે તો ચેતનાથી જુદા જ સ્વરૂપવાળા છે, એક સ્વરૂપ નથી. આવા વિચારવડે ભેદજ્ઞાનની દ્રઢતા થતી જાય છે. પહેલાં તો વિચારમાં ગુણ–પર્યાયના વિચાર આવતા હતા, તથા 'હું આવો નથી એટલે કે રાગવાળો, શરીરવાળો, કર્મવાળો કે ભેદવાળો હું નથી' એમ નાસ્તિના વિચાર આવતા હતા, પણ હવે તો તે વિચારો ગૌણ થઈને અસ્તિસ્વભાવના વિચારની જ મુખ્યતા વર્તે છે–એટલે 'આવો સ્વભાવ છું' એમ ગંભીરમહિમાપૂર્વક સ્વસન્મુખ થતો જાય છે; ને તે સ્વભાવનું સાક્ષાત્ વેદન કરવા માટે તે જીવ એવો ઓતપ્રોત બની જાય છે કે તેને ક્યાંય ચેન પડતું નથી, બીજે ક્યાંય બહારમાં લક્ષ થંભતું નથી, સૂક્ષ્મ વિકલ્પોય છૂટતા જાય છે ને જ્ઞાન વધુ ને વધુ ગંભીર થતું જાય છે. આત્માના ચિંતનની ધૂનમાં ઉપયોગ એવો સૂક્ષ્મ થતો જાય છે કે બહારમાં તો ક્યાંય ગમતું નથી પણ અંદર સૂક્ષ્મ વિકલ્પો રહે તેમાં પણ ચેન પડતું નથી; તેનાથી છૂટીને અંદરના સ્વભાવમાં એકમેક થવા માટે ઉપયોગ ફરીફરીને અંદર ઊતરવા મથે છે. અહાહા! આવા જ્ઞાનાનંદસ્વભાવનો અપાર મહિમા લાવીને તેના ચિંતનની ધૂનમાં તે જીવને અંતરમાં શાંતિ અને અનાકુળતા વધતી જાય છે. જેમ સુવર્ણની શુદ્ધતા કરવા માટે તેને અગ્નિમાં તપાવવામાં આવે છે, અને તે સોનું જેમ જેમ તપતું જાય છે તેમ તેમ તેની શુદ્ધતા અને પીળાશ વગેરે વધતા જાય છે; તેમ આ જિજ્ઞાસુ જીવ પણ જ્ઞાન અને રાગની ભિન્નતાના વિચારરૂપી તાપમાં તપતાં–તપતાં શુદ્ધતા તરફ આગળ વધતો જાય છે; હવે શ્રદ્ધાની શુદ્ધતા થવાને વાર નથી. અહાહા, આવા વિચારની અને નિર્ણયની અપૂર્વ ભૂમિકામાં આવતાં તે મુમુક્ષુને બાહ્યચેષ્ટાઓ પણ શાંત–ગંભીર અને સ્થિર થતી જાય છે. સમ્યગ્દર્શનરૂપી સૂર્ય ઊગતા પહેલાં સ્વસન્મુખ વિચારધારા આવવી તે પણ બલિહારી છે; અને આવી વિચારધારાના અંતે પરિણામ અંતરમાં એકાગ્ર થતાં આનંદના વેદનસહિત સમ્યગ્દર્શનનો પ્રકાશ થાય છે.

## - ધન્ય તે દશા ! ........ ધન્ય તે વેદન !

અહો, આવા ! અપૂર્વ સમ્યગ્દર્શન થયા પછીની રહેણી-કરણી ને વિચારધારાનું શું કહેવું ? જ્યાં સમ્યગ્દર્શનરૂપી સૂર્ય અનંત ચૈતન્યકિરણો સહિત પ્રકાશી રહ્યો છે તે અપૂર્વ દશાની અપૂર્વતાનું વર્ણન વાણી તો કેટલુંક કરી શકે ? શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે 'દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત.'- સમ્યગ્દર્શન પણ દેહાતીત દશા છે, તેમાં દેહભાવ છૂટીને અપૂર્વ આત્મભાવ જાગ્યો છે. અહો, આવી દશા જેને પ્રગટ થઈ તેની બાહ્ય રહેણી-કરણી પણ ઉત્તમ અને જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે. તે જ્ઞાની જીવને જ્યાં આત્માના દર્શન થયા, અને હું ચૈતન્યમય આત્મા જ છું, અન્ય કાંઈ પણ હું નથી-એમ નિર્વિકલ્પ ભેદજ્ઞાનવડે નક્કી કર્યું, ત્યાં તેને સર્વજીવ પ્રત્યે સમભાવરૂપ એવી દ્રષ્ટિ થઈ ગઈ છે કે, મારી જેમ જગતના સર્વે જીવો પણ જ્ઞાનસ્વરૂપી ભગવાન છે.-આમ સર્વે જીવોમાં આત્મવત્ બુદ્ધિને લીધે તેને કોઈ પ્રત્યે રાગ-દ્વેષનો અભિપ્રાય રહ્યો નથી, એટલે રાગ-દ્વેષ ઘણા જ મંદ પડી ગયા છે; અને જગતપ્રત્યે સહજ ઉદાસીનભાવ આવી ગયો છે. બાહ્યસંયોગની અપેક્ષાએ કદાચ એને ઘણી નિર્ધનતા હોય, રોગાદિ હોય, બહારમાં અપમાન થતું હોય, છતાં પણ અંતરમાં ચૈતન્યના અનંત-અનંત વૈભવથી ભરેલા પોતાના આત્માની મહત્તા પોતે સાક્ષાત્ જાણતો હોવાથી તેને દીનતા થતી નથી; બાહ્ય-વસ્તુની આકાંક્ષાની મુખ્યતા ક્યારેય થતી નથી. મનમાં એવો વિકલ્પ પણ આવતો નથી કે મને પરવસ્તુ મળે તો હું સુખી થાઉં. સમયેસમયે ભેદજ્ઞાનધારા ચાલુ જ હોવાથી આત્મસ્વભાવના પરમ ગંભીર મહિમા પાસે તેને બહારની કોઈ વસ્તુ મહિમાવંત લાગતી નથી. ચૈતન્યની અકષાય-શાંતિના વેદનપૂર્વક અનંતાનુબંધી કષાયભાવનો અભાવ થઈ ગયો છે, તેથી કોઈ પ્રસંગે કષાયભાવની તીવ્રતા થતી નથી; આત્મશાંતિની કોઈ અપૂર્વ મસ્તી વર્તે છે. તેની સાથે જગતપ્રત્યે નિસ્પૃહતા-સરળતા-ભદ્રિકતા -દેવગુરુશાસ્ત્ર પ્રત્યે બહુમાન-ભક્તિ-પ્રભાવના અને સાધર્મીજનો પ્રત્યે પરમ વત્સલતા ઇત્યાદિ ભાવો પણ હોય છે. આ રીતે તેને અનેકગુણો બાહ્ય અને અંતરંગપણે ખીલી નીકળ્યા છે. પોતાની આત્મદશામાં તે પરમ નિઃશંક છે. પોતાને અપૂર્વ શાંતિના વેદનની જે દશા પ્રગટ થઈ છે તે દશાને અન્ય જીવો સ્વીકારે કે ન સ્વીકારે, તેની અપેક્ષા નથી; પોતાને તો પોતાની વેદનપૂર્વક આરાધના ચાલી જ રહી છે, તેમાં તે નિઃશંક છે. 'આ સાચું હશે કે નહીં ?' એવી શંકારૂપી વિકલ્પ તેને ઉત્પન્ન થતો નથી. બાહ્ય અનેક કાર્યોમાં જોડાતો દેખાય છતાં તે તો તેનાથી અલિપ્ત જ છે. અજ્ઞાની જીવોને એમ થાય છે કે આ ધર્મી જીવ સાંસારિક કાર્યમાં જોડાય છે ને ક્રોધાદિક કરે છે; પરંતુ ખરેખર

અંતરમાં રાગથી ભિન્ન પડેલી તેની ચેતના બાહ્ય એક પણ કાર્યમાં જોડાતી નથી, તેમજ ક્રોધાદિકથી પણ તે જુદી જ રહે છે. સ્વભાવસન્મુખ તલ્લીન થયેલી શ્રદ્ધા–જ્ઞાનાદિની વીતરાગી પરિણતિ બહારના કોઈ પણ વિકલ્પને કે કામને પોતાના કાર્ય તરીકે સ્વીકારતી નથી; એટલે ધર્મી તેનો અકર્તા જ છે. એકવાર નિર્વિકલ્પ શુદ્ધોપયોગી થઈને મહા આનંદનો જે અનુભવ કર્યો પછી વિકલ્પમાં આવવા છતાં પણ તે વિકલ્પથી ભિન્ન–જ્ઞાન–આનંદની પરિણતિમાં તે જીવ રમી રહ્યો છે. અહાહા! આવો આનંદમય અખંડ આત્મા હું છું,–એક ક્ષણ પણ એનું વિસ્મરણ થતું નથી. ભેદજ્ઞાનની અપૂર્વકળા ખીલી ગઈ છે. ભલે જ્ઞાન ઉપયોગ બહારમાં હોય, ને શુભ–અશુભ પરિણામ વર્તતા હોય, છતાં સ્વ–પરના વિવેકરૂપ ભેદજ્ઞાન સદાય વર્તી રહ્યું છે, શુદ્ધ આત્મતત્ત્વમાં એકત્વબુદ્ધિરૂપ નિર્વિકલ્પ શ્રદ્ધા પણ વર્તે જ છે, અને ચૈતન્યના વેદનનું પરમસુખ પણ આત્માની અખંડ આરાધનામાં અભેદપણે વર્તી જ રહ્યું છે;–જ્ઞાનીને આવી અદ્‌ભુતદશાસહિતની જ બધી રહેણી–કરણી હોય છે. તેની સર્વે રહેણી–કરણીમાં ‘જગત ઈષ્ટ નહિ આત્મથી’ એવો ભાવ વર્તે છે; કેમકે જ્યાં આત્મામાંથી અતીન્દ્રિય આનંદરસના ઘૂંટડા પીધા હોય ત્યાં જગતમાં બીજું કાંઈ ઈષ્ટ ક્યાંથી લાગે? બસ, આત્માની ધૂન એવી લાગી છે કે કયારે તેમાં વિશેષપણે લીન થાઉં! એવી જ ભાવના ઘૂંટાયા કરે છે. શુભ–અશુભ પરિણામમાં ઉપયોગ જતો હોવા છતાં તેનાથી પાર જ્ઞાનદશા જેને નિરંતર વર્ત્યા કરે છે–‘તે જ્ઞાનીના ચરણમાં વંદન હો અગણિત.’

(લે. બ્ર. જયશ્રીબેન દોશી, રાજકોટ)

*****

* અહા, જૈનશાસને બતાવેલું ચૈતન્યતત્ત્વ!–જેની વાત સાંભળતાં ધર્મનો ઉત્સાહ વધી જાય, ને જેનું જ્ઞાન કરતાં મહા આનંદ થાય. આવા તમારા ચૈતન્યતત્ત્વને હે જીવો! તમે લક્ષમાં લ્યો.

* અરે જીવ! જૈનમાર્ગથી વિપરીત એવા કુગુરુઓને માનવાથી તો તારા પુણ્યનો રસ ઘટીને પાપનો રસ વધી જશે, અને વળી મિથ્યાત્વની પુષ્ટિથી ભયંકર ભવભ્રમણ વધી જશે. કદાચ ચમત્કાર વગેરે દેખાય તોપણ એવા કુગુરુપ્રત્યે જરાય લલચાઇશ મા....આત્માનું અહિત કરીશ મા. એક જ ધ્યેયથી જૈનમાર્ગમાં જ ચાલ્યા કરજે.... તે માર્ગે જરૂર તારું હિત થશે.

# 卐 પરમાગમની મધુરી પ્રસાદી 卐

## (૩)

**મોક્ષમાર્ગમાં પાવરધા સંતોએ સમસ્ત અનાત્મભાવોથી તદ્દન જુદો શુદ્ધ ચૈતન્યભાવરૂપ આત્મા દેખાડીને મોક્ષનો અપૂર્વ માર્ગ ખોલ્યો છે.**

સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી માટે બંધન નથી–એમ કહ્યું. સમ્યગ્દ્રષ્ટિને રાગ કેમ નથી? કેમકે જ્ઞાનસ્વભાવનો જ તેને સ્વીકાર છે, તે જ્ઞાનના ભાવમાં રાગ નથી; અને જે જીવ જ્ઞાનભાવમાં રાગના અંશને પણ ભેળવે છે તે રાગી જીવ સમ્યગ્દ્રષ્ટિ નથી. એ વાત અહીં આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન કરાવીને આચાર્યદેવ સમજાવે છેઃ–

અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,
તે સર્વ આગમધર ભલે પણ જાણતો નહિ આત્મને. ૨૦૧.
નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદ્રષ્ટિ જે જીવ–અજીવને નહિ જાણતો. ૨૦૨.

* જ્ઞાન સ્વભાવથી ભરેલું સ્વતત્ત્વ તે આત્મા છે.
* જ્ઞાન સિવાયના બીજા રાગાદિ ભાવો તે અજ્ઞાનમય છે એટલે અનાત્મા છે. રાગ તે જ્ઞાનમયભાવ નથી માટે તેને અજ્ઞાનમય કહ્યો; ચૈતન્યભાવમાં અણુમાત્ર રાગ સમાય નહીં.
* સાચો આત્મા કોને કહેવો? ને તે સિવાય અનાત્મા કોને કહેવો? તેનું યથાર્થ ભેદજ્ઞાન જીવે કદી કર્યું નથી. અનાત્મારૂપ રાગાદિભાવોને આત્માના ચેતનસ્વભાવ સાથે ભેળવીને અજ્ઞાનથી તે રાગાદિરૂપે જ પોતાને અનુભવીને, પોતાનું સાચું નિજપદ તે ભૂલી રહ્યો છે.
* રાગના અંશની સાથે પણ જેને એકતાબુદ્ધિ છે, રાગના એક કણને પણ જે જ્ઞાન સાથે ભેળસેળ કરે છે તે અજ્ઞાની છે, કેમકે તે અનાત્મભાવને આત્મામાં

ભેળવે છે. જે જ્ઞાનમય ભાવ નથી તેને તે જ્ઞાનમય માને છે, તેથી તેને આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન નથી; તે આત્માને પણ નથી જાણતો, ને અનાત્માને પણ નથી જાણતો.

* જ્ઞાની તો આત્માને જ્ઞાનમય જ માને છે; જ્ઞાનમય એક ભાવમાં રાગાદિનો પ્રવેશ નથી. રાગ એટલે અનાત્મા, તેના પરિહાર વડે જ્ઞાનમય આત્માની સિદ્ધિ થાય છે. એ વાત અહીં ગાથા ૨૦૧–૨૦૨ માં સમજાવી છે.

આમાં જ્ઞાન અને રાગના ભેદજ્ઞાનની અપૂર્વ વાત છે. જ્ઞાનીની પરિણતિ કેવી હોય ને અજ્ઞાનીની પરિણતિ કેવી હોય તે ઓળખતાં ભેદજ્ઞાન થાય છે.

રાગ વખતે જ્ઞાનીની પરિણતિ જ્ઞાનપણે વર્તે છે; તે જ્ઞાનસ્વભાવમય પોતાને અનુભવતો હોવાથી તેની અણુમાત્ર પણ રાગ નથી. રાગ તો અનાત્મા છે, તેમાં જ્ઞાની પોતાપણે કેમ વર્તે ?

શું જ્ઞાનીને રાગ નથી થતો ?

ના; જ્ઞાનીને જ્ઞાનમાં રાગ નથી થતો; રાગને રાગપણે તે જાણે છે પણ પોતાના જ્ઞાનમાં તે રાગને ભેળવતા નથી. એટલે રાગ તે તેના જ્ઞાનનું જ્ઞેય છે, પણ તે જ્ઞાનનું કાર્ય નથી. જ્ઞાનીનું જ્ઞાન રાગથી જુદું છે, માટે જ્ઞાનીને રાગ નથી. અજ્ઞાની રાગ વખતે રાગથી જુદા જ્ઞાનને જાણતો નથી, રાગને જ પોતાના સ્વભાવ તરીકે અનુભવે છે, એટલે રાગથી જુદો કોઈ આત્મા તેને દેખાતો નથી. આ રીતે અજ્ઞાની જ રાગમાં પોતાપણે વર્તે છે; તેને આત્મા અને અનાત્માનું ભેદજ્ઞાન નથી.

શાસ્ત્રના જ્ઞાનનું ફળ તો જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરીને જ્ઞાનનું સેવન કરવું ને રાગનું સેવન છોડવું તે છે. એકલા શાસ્ત્રો ગોખી જાય ને શબ્દો ધારી લ્યે પણ અંદર આવું ભેદજ્ઞાન ન કરે, જ્ઞાનનો અનુભવ ન કરે, તો તેને ધર્મ થાય નહીં; શાસ્ત્રભણતરનું ખરું ફળ તેને આવે નહિ. ગાથા ૩૮૨ માં કહે છે કે –

– આ જાણીને પણ મૂઢ જીવ પામે નહિ ઉપશમ અરે !
શિવબુદ્ધિને પામેલ નહીં એ પર ગ્રહણ કરવા ચાહે.

જ્ઞાનનું પરદ્રવ્યોથી અત્યંત ભિન્નણું બતાવ્યું; તે જાણીને પણ મૂઢ અજ્ઞાની જીવ ઉપશમભાવ કરતો નથી; ભેદજ્ઞાનરૂપ શિવબુદ્ધિને નહિ પામેલો તે જીવ પરદ્રવ્યને ગ્રહણ કરવા ચાહે છે. જ્ઞાનમાં રાગનું ગ્રહણ કરવા માંગે છે – તે જીવને શિવબુદ્ધિ નથી, ભેદજ્ઞાન નથી, મોક્ષમાર્ગ નથી.

અરે, હું જ્ઞાનસ્વરૂપ આત્મા કેવો છું – એનો જેને અનુભવ નથી, રાગ વગરનું સ્વરૂપ કેવું છે તેની જેને ખબર નથી, રાગ અનાત્મા હોવા છતાં તેને આત્મભાવે જે અનુભવે છે તે અજ્ઞાની છે, જ્ઞાનસ્વરૂપે આત્માની સત્તા છે – તેનો તેને નિર્ણય નથી.

રાગનું અસ્તિત્વ છે, તે રાગપણે છે પણ જ્ઞાનમાં રાગનું અસ્તિત્વ નથી.–આમ ધર્મી જીવ પોતાને રાગના અત્યંત અભાવરૂપ એવી ચૈતન્યસત્તાપણે અનુભવે છે; રાગને ચૈતન્યથી ભિન્ન સત્તાપણે જાણે છે.–આવું ભેદજ્ઞાન જેને ન હોય તે જીવ સમ્યગ્દ્રષ્ટિ નથી.

સ્વરૂપે સત્તા, ને પરરૂપે અસત્તા–એવું એક વસ્તુનું સ્વરૂપ છે. પરરૂપને જો સ્વરૂપમાં ભેળવે તો તે જીવે વસ્તુના સ્વરૂપને જાણ્યું નથી.

આત્માને સ્વરૂપે સત્તા છે. 'સ્વરૂપે સત્તા' એટલે શું?

જ્ઞાન–આનંદરૂપ જે નિજસ્વભાવ તે સ્વરૂપ છે, તે જ્ઞાનાદિ ભાવો સાથે આત્માને તન્મયતા છે, તેને આત્મા પોતાપણે અનુભવે છે; એટલે જ્ઞાનાદિસ્વરૂપે આત્માને સત્‌પણું છે.

અને આત્માને પરરૂપે અસત્તા છે. પર રૂપ એટલે શું? કે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માથી ભિન્ન જે કોઈ શરીરાદિક કે રાગાદિ ભાવો છે તે બધાય અનાત્મા છે, તે પરરૂપ છે, તેનાથી આત્માની સત્તા ભિન્ન છે. જો તે શરીરાદિથી તથા રાગાદિથી ભિન્નતા ન માને, ને તેને આત્મામાં ભેળવે, તો તે જીવે 'પરરૂપથી અસત્‌' એવા આત્માને જાણ્યો નથી; એટલે પરથી જુદા સ્વરૂપે આત્માની સત્તા કેવી છે તે પણ તેણે જાણ્યું નથી, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે; તેને આત્મા ને અનાત્માનું ભેદજ્ઞાન નથી.

આત્મા અને અનાત્માનું યથાર્થ ભેદજ્ઞાન કરીને જેણે સમ્યગ્દર્શન કર્યું તેણે આત્મામાં મોક્ષના માંડવા નાંખ્યા.

અહા, મોક્ષમાર્ગમાં પાવરધા એવા દિગંબર સંતોએ આ મોક્ષમાર્ગ બતાવ્યો છે. રાગનો એક કણિયો પણ આત્માના જ્ઞાનભાવમાં નથી; જ્ઞાનમયભાવ રાગથી સર્વથા જુદો છે.

આત્માના સ્વભાવનો અનુભવ કરતાં તેમાં જ્ઞાનની અસ્તિ અને રાગની નાસ્તિ, એમ અસ્તિ–નાસ્તિનું જ્ઞાન એક સાથે જ છે. 'જ્ઞાનની અસ્તિ' જાણી અને તે વખતે 'જ્ઞાનમાં રાગની નાસ્તિ' જાણવાનું બાકી રહી ગયું. –એમ નથી. જેણે રાગની નાસ્તિને જાણી નથી તેણે જ્ઞાનની અસ્તિને પણ નથી જાણી.

જ્ઞાન કહો કે આત્મા કહો; રાગ કહો કે અનાત્મા કહો;–એવા આત્મા અને અનાત્માની જુદાઇને જે નથી જાણતો તેને જીવ અને અજીવનું ભેદજ્ઞાન પણ નથી. જેને જીવ–અજીવની ભિન્નતાનું ભાન ન હોય તે સમ્યગ્દ્રષ્ટિ કેવો? તે તો પોતાને રાગીપણે જ અનુભવતો થકો મિથ્યાદ્રષ્ટિ છે.

જ્ઞાન અને રાગની ભેળસેળ નથી, એટલે કે નિશ્ચય અને વ્યવહારની ભેળસેળ નથી. રાગને રાગપણે જાણે; એટલે કે જે કોઇ રાગભાવ (છેલ્લામાં છેલ્લા ગુણગુણીભેદના વિચારરૂપ રાગ) છે તે બધાયને બાદ કરતાં, તેના અભાવરૂપ શુદ્ધ જ્ઞાનસત્તા છે; પણ જો રાગના કોઈપણ અંશને રાગરૂપે ન જાણતાં તે રાગના અંશને જ્ઞાન સાથે મેળવે, કે તે રાગઅંશને જ્ઞાનનું સાધન માને, તે રાગમાં શાંતિ માને,–તો તે જીવે રાગ વગરના શુદ્ધજ્ઞાનને જાણ્યું જ નથી.–તેને નથી તો રાગનું સાચું જ્ઞાન, કે નથી જીવના જ્ઞાનસ્વભાવનું સાચું જ્ઞાન;–જીવ અજીવના જ્ઞાન વગરનો તે મિથ્યાદ્રષ્ટિ છે.

અરે જીવ! તારું સાચું સૌભાગ્ય તો એમાં છે કે રાગ અને જ્ઞાનની અત્યંત ભિન્નતા જાણીને, આનંદરૂપ ભેદજ્ઞાન પ્રગટ કર. શુદ્ધજ્ઞાનમાંથી રાગની ગંધ પણ કાઢી નાંખ. ૨૧ પ્રકારના ઉદયભાવોનો કોઈ અંશ જ્ઞાનમાં નથી. આવા જ્ઞાનને સમ્યગ્દ્રષ્ટિ અનુભવે છે. આવું શુદ્ધજ્ઞાન તે નિજપદ છે, ને બીજા બધાય પર પદ છે.

## અહો, ચૈતન્યની વીતરાગી શાંતિ! તેમાં રાગનો કણ સમાય નહીં.

જ્ઞાનીને રાગથી પાર ચૈતન્યની વીતરાગી શાંતિનું વેદન થયું છે; તેથી રાગના કોઈ અંશમાં તેને શાંતિ લાગતી નથી. ભલે શુભરાગ હો પણ ચૈતન્યની શાંતિ એમાં નથી. રાગમાં જેને શાંતિ લાગે તેણે રાગથી ભિન્ન ચૈતન્યનો સ્વાદ ચાખ્યો નથી. બાપુ! તારી શાંતિ રાગ વગરની છે. શુભાશુભ રાગ તે તો આકુળતા છે. અશુભની અપેક્ષાએ શુભરાગને ભલે ઠીક કહેવાય, પણ ચૈતન્યની શાંતિથી તો તે અશુભ કે શુભ બધો રાગ જુદો છે, તેમાં જરાય શાંતિ નથી, તે પોતે દુઃખ છે, તેનું ફળ દુઃખ છે. ધર્મી તે વખતે જ તેનાથી ભિન્ન પોતાની શાંતિને અનુભવે છે.–આવો ભેદજ્ઞાનનો પ્રતાપ છે. આવા ભેદજ્ઞાન વગર શુભરાગની ક્રિયાઓ કરે ને તેનાથી પોતાનું હિત થશે એમ માને તો તે જીવ મિથ્યાષ્ટિ છે; રાગમાં લીન હોવા છતાં, અને રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વનું ભાન ન હોવા છતાં, પોતાને સમ્યગ્દ્રષ્ટિ માનીને પ્રવર્તે છે તેને તો સિદ્ધાંતમાં પાપી કહ્યા છે, કેમકે મિથ્યાત્વ જેવું મોટું બીજું કોઈ પાપ નથી.

અજ્ઞાનથી તે મિથ્યાત્વને સેવે છે, અને માને છે એમ કે હું તો સમ્યગ્દ્રષ્ટિ છું, – એને તો સમ્યક્ત્વ શું છે તેની ખબર પણ નથી. અહો, રાગથી પાર અંતરનો જૈનમાર્ગ! એની એને ખબર નથી.

## અહો, જૈનમાર્ગ! ચૈતન્યની અનંત ગંભીરતા એમાં ભરી છે

અરે, જૈનમાર્ગ તો શું ચીજ છે! જગતથી નીરાળો ને રાગથીયે નીરાળો; ચૈતન્યની અપૂર્વ શાંતિ જેમાં ભરી છે – આવો જૈનમાર્ગ એક ક્ષણ પણ સેવે તો ભવના અભાવના ભણકાર આત્મામાં આવી જાય. રાગનો કોઇ અંશ જેમાં ભળે નહિ એવો ચૈતન્યસ્વભાવ, તેની સન્મુખ થયેલા શ્રદ્ધા–જ્ઞાન પણ રાગ વગરના છે; આવા શ્રદ્ધા–જ્ઞાન વડે જૈનમાર્ગ એટલે મોક્ષમાર્ગ શરૂ થાય છે. આવા આત્માના શ્રદ્ધા–જ્ઞાન વગર ગમે તેવા શુભરાગ કરે તોપણ જૈનમાર્ગ શરૂ થતો નથી, એટલે કે ધર્મ થતો નથી.

શુભ–અશુભ રાગ થાય ત્યાં ધર્મી પોતાના ચૈતન્યતત્ત્વને તે રાગથી ભિન્ન અનુભવે છે, રાગમાં તન્મય થઈને વર્તતો નથી. જ્ઞાનસ્વરૂપ–આનંદસ્વરૂપ મારું સ્વતત્ત્વ, તેમાં રાગના અંશનો પણ પ્રવેશ નથી, મારી ચૈતન્યસત્તાથી રાગ બહાર છે–એમ ધર્મી બધાય રાગથી પોતાને જુદો જાણે છે. અજ્ઞાની અશુભ રાગને દુઃખ કહે છે ને શુભ રાગમાં તેને સુખ લાગે છે, તેથી શુભ રાગથી જુદા જ્ઞાનના સ્વાદનો તેને અનુભવ નથી. આત્મભાવ અને અનાત્મભાવની ભિન્નતાનું તેને ભાન નથી, તેથી શુભરાગરૂપ વ્રતાદિ કરવા છતાં તે અજ્ઞાની–મિથ્યાદ્રષ્ટિ જ છે.

## ધર્માત્માની જ્ઞાનપરિણતિમાં વૈરાગ્યનું અદ્ભુત બળ હોય છે.

પરમભાવમાં સ્થિર થઈને આત્માના આનંદનો સ્વાદ જેણે ચાખ્યો છે, પોતાના સુખસાગરની થોડીક લહેજત જેણે ચાખી છે, તે ધર્માત્માની પરિણતિ પરવિષયો અને પરભાવો તરફથી છૂટી–વિરક્ત હોય છે, એનું નામ વૈરાગ્ય છે.

અજ્ઞાનીને ‘સર્વ આગમધર’ એટલે કે શ્રુતકેવળી જેવો કહ્યો, પણ ખરેખર આગમનો એક્કેયભાવ તે સાચો સમજ્યો નથી કેમકે અંદરમાં બુદ્ધિ રાગના અનુભવમાં જ રોકાયેલી છે, રાગથી જુદા જ્ઞાનનો અનુભવ તેને નથી; તે તો રાગાદિ અનાત્મભાવને જ આત્મા માનીને અનુભવે છે, તેથી તે ગમે તેટલા આગમ ભણેલો

હોય તોપણ મિથ્યાદ્રષ્ટિ છે. તે શ્રુતકેવળી નથી પણ શ્રુતકેવળી જે તેને કહ્યો; કેમકે શ્રુતકેવળી એટલે બારઅંગના જ્ઞાતા–તે સમ્યગ્દ્રષ્ટિ જ હોય છે; મિથ્યાદ્રષ્ટિને બારઅંગનું જ્ઞાન કદી થતું નથી. પણ મિથ્યાદ્રષ્ટિને યોગ્ય બધુંય શાસ્ત્રભણતર ભણ્યો હોય તોપણ જેને રાગથી જુદા જ્ઞાનનો અનુભવ નથી તે જીવ જ્ઞાની નથી, તે તો મિથ્યાદ્રષ્ટિ જ છે.

રાગનો વિકલ્પ છે તે આનંદ નથી; શાસ્ત્ર તરફનો જે વિકલ્પ છે તેમાં આનંદ નથી; જ્ઞાન તેનાથી જુદું છે, એવા જ્ઞાનના અનુભવમાં આનંદ છે, તે મોક્ષમાર્ગ છે. આવા જ્ઞાનના અનુભવ વગર શાસ્ત્રનું સાચું જ્ઞાન થાય નહીં. 'રાગી જીવ સમ્યગ્દ્રષ્ટિ નથી'–એમ અહીં કહ્યું તેમાં 'રાગી' એટલે રાગમાં તન્મયબુદ્ધિવાળો જીવ સમજવો. રાગ હોવા છતાં જેને રાગથી ભિન્ન ચૈતન્યસત્તામાં એકત્વબુદ્ધિ વર્તે છે તે તો પોતાને રાગથી જુદો જ અનુભવે છે, તેથી તે ખરેખર રાગી નથી, તે તો રાગથી જુદો રાગનો જ્ઞાતા જ છે, જ્ઞાનભાવને જ કરનાર તે જ્ઞાની છે. તે જ્ઞાનમાં રાગનું વેદન સમાતું નથી.

## જ્ઞાનને અનુભવે તે જ્ઞાની

જ્ઞાનભાવ તે આત્મા; રાગાદિભાવો તે અનાત્મા.–આ રીતે આત્મા અને અનાત્માને જે ભિન્ન ન જાણે તેને જ્ઞાની કોણ કહે? શાસ્ત્રના ભણતરમાત્રથી જીવને જ્ઞાની કહેતા નથી, પણ રાગથી જુદા જ્ઞાનસ્વરૂપ આત્માપણે જે પોતાને અનુભવે છે તે જ જ્ઞાની છે. એવો જ્ઞાની રાગના કોઈ અંશને પોતાના જ્ઞાન સાથે તન્મય કરતો નથી. રાગ તો અનાત્મા છે–તેરૂપે જે પોતાને અનુભવે તેને આત્મજ્ઞાન કેવું? આત્મા અને અનાત્માના ભિન્નસ્વરૂપને તે ઓળખતો નથી, તેથી તેનું બધુંય જાણપણું તે અજ્ઞાન જ છે. શાસ્ત્રના શબ્દો ભણ્યો તેથી શું? શાસ્ત્રો કહે છે કે 'જ્ઞાન ને રાગ જુદા છે' એવી ભિન્નતાનો અનુભવ જેણે ન કર્યો તેના શાસ્ત્રભણતરને જ્ઞાન કહેતા નથી. જેમ જ્ઞાનના અનુભવ વગર વ્રતાદિ શુભરાગ કરવા છતાં જીવ અજ્ઞાની જ છે, તેમ જ્ઞાનના અનુભવ વગર અગિયાર અંગ નવપૂર્વના શાસ્ત્રભણતર કરવા છતાં જીવ અજ્ઞાની જ રહે છે. અને, ભલે વ્રતાદિ ન હોય, શાસ્ત્રભણતર ન હોય, પણ અંતરમાં જે પોતાના આત્માને રાગથી જુદા જ્ઞાનસ્વરૂપે અનુભવે છે તે જીવ જ્ઞાની છે, તે ધર્મી છે, તે મોક્ષનો પંથી છે; બધા શાસ્ત્રભણતરનો સાર જે ભેદજ્ઞાનરૂપ જ્ઞાનનો અનુભવ, તે તેણે પ્રાપ્ત કરી લીધો છે; રાગના કોઈ અંશને પોતાના જ્ઞાનના અનુભવમાં તે ભેળવતો નથી.

અહા, જ્ઞાન તો તેને કહેવાય કે જેની સાથે વીતરાગી શાંતિનું વેદન હોય, અતીન્દ્રિય મહા આનંદનો જેમાં સ્વાદ આવે.–આવો સ્વાદ આવે ને આવું જ્ઞાન થાય તેણે જ ભગવાનના આગમ ખરેખર સાંભળ્યા કહેવાય.

અહા, હું ચૈતન્યસત્તા! મારી સત્તામાં રાગની સત્તા કેમ હોય? રાગનું વેદન તે તો દુઃખ છે. મારી ચૈતન્યસત્તાનો સ્વાદ તો શાંત–આનંદમય છે, તેમાં દુઃખ નથી. જડ શરીરાદિની સત્તા તો મારામાં નથી, ને તે તરફના જે રાગાદિ વિભાવો, તેની સત્તા પણ મારી ચૈતન્યસત્તામાં નથી; ચૈતન્યસત્તામાં રાગાદિ તો અસત્ છે. તે અસત્ પણે જે પોતાને અનુભવે તે જ્ઞાની કેવો? રાગરૂપે જ પોતાને અનુભવનારો તે જીવ 'રાગી' છે, તે સમ્યગ્દ્રષ્ટિ નથી, તે આત્માને જાણતો નથી.

જ્ઞાન તે રાગ નહિ, ને રાગ તે જ્ઞાન નહીં, –આવુ ભિન્નપણાનું જેને ભાન છે તે જ જ્ઞાનીને ઓળખી શકે છે. જે જીવ જ્ઞાન અને રાગને જુદા ન જાણતાં એક માને છે તે જીવ જ્ઞાનીને ઓળખી શકતો નથી, એટલે 'જ્ઞાની રાગ કરે છે' એમ તે દેખે છે, પણ તે રાગ વખતેય જ્ઞાનીનું જ્ઞાન તો રાગથી જુદું જ છે, જ્ઞાની જ્ઞાન જ કરે છે, જ્ઞાની રાગ કરતો નથી– એ વાત અજ્ઞાની ઓળખી શકતો નથી.

અહા, જ્ઞાન ને રાગની અત્યંત ભિન્નતારૂપ ભગવાનનો માર્ગ! તેમાં સુખની કોઈ ખામી નથી ને દુઃખની ગંધ પણ નથી. જ્ઞાનથી પરિપૂર્ણ એટલે સુખથી પરિપૂર્ણ, અને રાગથી ખાલી એટલે દુઃખ વગરનો,–આવો ભગવાનનો માર્ગ છે તે અલૌકિક છે. અરે, વીતરાગના મારગ તો વીતરાગ જ હોયને! એમાં રાગનો કણિયો સમાય નહીં. આંખમાં તો કદાચ કણિયો સમાય, પણ આત્માના ચૈતન્યભાવમાં રાગનો કોઈ કણિયો સમાય નહીં, જ્ઞાન અને રાગ બંનેનું સ્વરૂપ જ જુદું છે, તેમની એક બીજામાં ભેળસેળ થઈ શકે નહિ.

રાગને રાગરૂપે જે ખરેખર જાણે તે રાગથી જુદા જ્ઞાનસ્વપ આત્માને પણ જરૂર જાણે; અને જ્ઞાનસ્વરૂપ આત્માને જે ખરેખર જાણે તે તેનાથી ભિન્ન રાગાદિને અનાત્મા તરીકે જરૂર જાણે. અહા, કોઈ વિકલ્પો વડે જેનાં મૂલ્યાંકન થઈ શકે નહિ એવો ચૈતન્યપ્રભુ આત્મા, એ તે જ્ઞાનસ્વરૂપ હોય કે રાગરૂપ હોય? જ્ઞાનસ્વરૂપે સત્તા અને રાગરૂપે અસત્તા – એવો ચૈતન્યપ્રભુ પોતે, તેને જે અનુભવે છે તે જ જ્ઞાની છે, તે જ ધર્મી છે. એવા અનુભવ વગરના જીવને જ્ઞાની કે ધર્મી કહેવાય નહીં. જ્ઞાન ચેતનાસ્વરૂપે જ જે પોતાને અનુભવે છે તે જ્ઞાની પોતાની ચેતનાની અનુભૂતિમાં

રાગના કોઈ અંશને ભેળવતા નથી, તેમની ચેતના રાગથી સર્વથા જુદી ને જુદી જ રહે છે. જ્ઞાનીની આવી ચેતના તે પરમ આનંદસહિત છે, ને તે સંવર–નિર્જરા – મોક્ષરૂપ છે. ચૈતન્યરત્નોના અદ્‌ભુત નિધાન તેની પરિણતિમાં ઊછળે છે.

## પરમાત્મા તેડાવે છે...... ને સંતો આનંદિત થાય છે

અહા! જાણે પરમાત્માએ બોલાવ્યા હોય ને તેમને મળવા માટે જતા હોય, તેમાં કેટલો આહ્‌લાદ હોય! ! તેમ સ્વભાવની ભાવનામાં સાધકને પરમ આહ્‌લાદ છે. એક સાધારણ રાજા મળવા માટે તેડાવે તોય લોકો કેવા ખુશી થાય છે? ત્યારે અહીં તો અંદરમાં ભગવાન ભેટવા બોલાવે છે કેઃ આવો.....આવો! આ આનંદમય ચૈતન્યધામમાં આવો! આવા ચૈતન્યના અનુભવમાં એકલો આનંદનો આહ્‌લાદ જ ભર્યો છે! વાહ! ભગવાનના તેડાની આ વાત સાંભળતાં પણ શ્રોતાઓ કોઈ અનેરો ઉલ્લાસ અનુભવે છે.

શુદ્ધ આનંદસ્વભાવનો જે ખરેખરો ઉલ્લાસ ને ઉમંગ આવવો જોઇએ, તે ઉલ્લાસ અજ્ઞાનીને નથી આવતો તેથી તે બીજે અટકી જાય છે; જો ખરો ઉલ્લાસ અને ઉમંગ આવે તો અનુભવ થયા વિના રહે નહિ. ચૈતન્યભગવાન આનંદામૃતનો વેલો છે. આવી પોતાની સ્વ–વસ્તુ પ્રત્યે અસંખ્ય પ્રદેશે ઉલ્લાસ ઉલ્લસે ત્યાં પરિણતિ વિભાવથી પાછી ફરી જાય છે, સ્વાનુભવ થાય છે; તે સ્વાનુભવમાં તેને પરમાત્માની પ્રાપ્તિ છે.–આવા સ્વાનુભવનું નામ પરમાત્માની સ્તુતિ છે. ચૈતન્યના અનુભવના મહા સામર્થ્ય વડે મોહનો ક્ષય કરી નાંખે છે, ઉત્કૃષ્ટ સ્તુતિ છે; અલ્પકાળમાં તે સ્વયં પરમાત્મા થાય છે. તે સાધકને પરમાત્માના તેડા આવી ગયા છે. નિર્વિકલ્પધ્યાન વડે સાક્ષાત્ પરમાત્મા સાથે તેનું મિલન થયું છે. અહા, ભગવાનના મિલનના આનંદની શી વાત!

(ગુરુદેવના પ્રવચનમાંથી)

# સ્વ - પરનું ભેદજ્ઞાન આત્માની સમ્પૂર્ણતા દેખાડે છે

*****

વારંવાર પરથી ભિન્નતા ને પરનું અકર્તૃત્વ સમજાવીને આચાર્યદેવ જીવને પરથી પાછો વાળીને પોતાથી પૂર્ણ એવા સ્વદ્રવ્ય તરફ વાળવા માગે છે; ને નિત્ય સમ્પૂર્ણ એવી સ્વશક્તિથી ભરેલો આત્મસ્વભાવ દેખાડવા માંગે છે. વસ્તુસ્થિતિથી સ્વ ને પર બંને તદ્દન જુદા છે, પરની પૂર્ણતા પરમાં ને સ્વની પૂર્ણતા સ્વમાં; સ્વનો અંશ પરમાં નહિ, ને પરનો અંશ સ્વમાં નહિ.

જો આવી વસ્તુસ્થિતિને સમજે તો જડને વિષેથી સ્વસ્વરૂપનું અભિમાન મટે, ને સ્વસ્વરૂપ પ્રગટે. માટે આવી યર્થાથ વસ્તુસ્થિતિ વિચાર કરીને નક્કી કરો.

ભાઈ, પરદ્રવ્ય તારું નથી, તેનું કોઇ કાર્ય તારું નથી, ને તે તને જરાય સુખરૂપ નથી; એવુંજે ભિન્ન પરદ્રવ્ય તેને ભ્રાન્તિથી તેં તારું માન્યું છે ને સ્વમાં એકત્વપરિણતિ છોડીને તેં પરમાં એકત્વ માન્યું છે, તે દુઃખદાયી છે. માટે વસ્તુ સ્વરૂપને સમજ તો તારી પરમાંથી એકત્વબુદ્ધિથી પરમ સુખ પ્રગટે.–ભેદજ્ઞાન વિના સિદ્ધિ થાય નહિ.

જ્યાંસુધી પરદ્રવ્યના કર્તૃત્વના વેગથી જીવ પાછો ન વળે ત્યાંસુધી સ્વદ્રવ્યની સમ્પૂર્ણતા તરફ તેનું વલણ ન વળે, ને સ્વગુણની શાંતિ તેને મળે નહિ.

પરનું કર્તૃત્વ માનનારના હાલ કેવા છે તે નીચેના પદમાં બતાવ્યું છેઃ

સસા–શીંગનું વહાણ જ કર્યું,
મૃગતૃષ્ણામાં જઈને તર્યું;
વંધ્યા–સૂત બે વહાણે ચડયા,
ને ખ–પુષ્પના વસાણાં ભર્યા.

* જેમ સસલાનાં શીંગડાનું વહાણ બને જ નહિ, કેમકે સસલાને શીંગડું હોતું જ નથી;
* મૃગજળમાં વહાણ તરે નહિ કેમકે ત્યાં પાણી જ નથી;
* વંધ્યાસૂત વહાણમાં ચડે નહિ કેમકે વંધ્યાને સૂત હોય જ નહિ.
* ને આકાશનાં પુષ્પ કોઇ ભરે નહિ કેમ કે તે હોતાં જ નથી.

* તેમ પરદ્રવ્યની કિયા આત્મા કરે નહિ, કેમકે તેમાં આત્માનું અસ્તિત્વ નથી. જેમાં પોતાનું અસ્તિત્વ જ નથી તેની ક્રિયા કરવા માગે તો તેની બુદ્ધિ મિથ્યા છે; એ મિથ્યાબુદ્ધિ દુઃખદાયક છે.

જીવ એક અખંડ દ્રવ્ય છે, તેનું જ્ઞાનસામર્થ્ય પરિપૂર્ણ છે.–તેથી કહે છે કે ભાઈ, પરથી ભિન્ન તારો આત્મા નિત્ય સમ્પૂર્ણ સ્વગુણથી પૂરો છે. તારી એકેક શક્તિ નિત્ય ને સમ્પૂર્ણ છે. તારું જીવત્વ તારાથી સમ્પૂર્ણ છે, નિત્ય ટકતા સંપૂર્ણ જીવ નથી, તું ભરેલો છો. તારામાંથી જ તારું સંપૂર્ણ જીવન, તારું સંપૂર્ણજ્ઞાન, તારું સંપૂર્ણ સુખ પ્રગટ થાય –એવો નિત્ય સંપૂર્ણ તારો સ્વભાવ છે.

સ્વની પૂર્ણતા સ્વમાં ને પરની પૂર્ણતા પરમાં; ત્યાં કોણ કોનું શું કરે? જો વસ્તુની પર્યાયનો કર્તા બીજો હોય તો વસ્તુની પૂર્ણતા ક્યાં રહી? અરે, તારું આનંદમય કાર્ય તારા આનંદગુણની સંમ્પૂર્ણતામાંથી જ થાય છે, બીજેથી તે આવતું નથી. તારી આનંદપર્યાયમાં શું પરદ્રવ્ય આવ્યું છે કે તે તને શાંતિ આપે? પરદ્રવ્ય તો કાંઇ તારી આનંદપર્યાયમાં આવ્યું નથી. તારી આત્મવસ્તુ તારી નિજશક્તિથી જ પોતાની આનંદપર્યાયમાં વર્તે છે; બીજાનો તેમાં પ્રવેશ નથી.

અહા, સ્વાધીન વસ્તુસ્થિત સમજતાં સ્વાશ્રયે અપૂર્વ સમરસ પ્રગટે છે. બ્રહ્માંડના ભાવોથી જુદો પડીને નિજસ્વરૂપની સમ્પૂર્ણતામાં આવ્યો, તેના આશ્રયે સમ્પૂર્ણ જ્ઞાન, સંપૂર્ણ આનંદ, સંપૂર્ણ જીવન પ્રગટ થાય છે. આ રીતે સ્વ–પરનું ભેદજ્ઞાન તે નિજ સ્વરૂપની સંપૂર્ણતાને દેખાડે છે, ને તેના ફળમાં સંપૂર્ણતા પ્રગટ થાય છે.

અરે, સંસાર–દુઃખોથી હું અત્યંત ભયભીત છું, અને હવે રત્નત્રયની અત્યંત પ્રીતિપૂર્વક તેની આરાધના કરવાનો ઉદ્યમી છું – તો હવે મારે ઊંઘવું કેમ પાલવે?

( –ભગવતી આરાધના )

* * *

હે જીવ! સૂક્ષ્મ એવા ચૈતન્યતત્ત્વના ચિંતનમાં તારા ચિત્તને જોડ........ તેમાં તને આનંદ થશે ને તારી નિંદ્રા ઊડી જશે.

# જેટલું જ્ઞાન છે તેટલો આત્મા

## જ્ઞાનપદના સેવનથી પરમ તૃપ્તિ... સંતોષ... ને સુખ થાય છે.

જ્ઞાનસ્વરૂપ નિજપદ બતાવીને આર્ચાયદેવ કહે છે કે–હે ભવ્ય !

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે. જેટલું જ્ઞાનપણે અનુભવાય છે તેટલો જ સત્ય આત્મા છે; જ્ઞાનથી જુદાપણે અનુભવાતા કોઈ પરભાવો આત્માનું સાચું સ્વરૂપ નથી. આમ જ્ઞાન સ્વરૂપ નક્કી કરીને તેમાં જ તું રતિ કર. મારું વહાલામાં વહાલું આ જ્ઞાનપદ છે, બીજા કોઈ રાગાદિ ભાવો તે મારું સાચું સ્વરૂપ નથી, તે મારા સ્વરૂપથી બહાર છે; –આમ અંતર્મુખ થઇને પોતાના જ્ઞાનસ્વરૂપના વેદનમાં તને શાંતિ થશે, તને આનંદ થશે; તારું જ્ઞાનસ્વરૂપ જ શાંતિ અને આનંદસ્વરૂપ છે એમ તને અનુભવાશે.

જેટલું જ્ઞાન છે તેટલું જ કલ્યાણ છે; કેમકે જ્ઞાનમાત્રભાવ પોતે કલ્યાણ રૂપ છે; જ્ઞાનથી જુદું કોઇ કલ્યાણ નથી.–આમ નક્કી કરીને તારા જ્ઞાનથી જ તું સદાય સંતુષ્ટ થા. અહા, પરભાવોથી ભિન્ન જ્ઞાનનો સ્વાદ લેતાં તને કોઇ એવો અપૂર્વ સંતોષ થશે.... કે વાહ ! મારું સ્વરૂપ સ્વયમેય કલ્યાણરૂપ છે, તે મારામાં જ મને અનુભવાય છે. જગતના બાહ્ય ઇન્દ્રિયવિષયો કે હર્ષ–શોકના ભાવોનું વેદન જીવને કદી સંતોષ આપી શકે નહીં. પોતાનું શાંત–અનાકુળ ચૈતન્યસ્વરૂપ પોતે કલ્યાણ છે, ને તેના વેદનથી અપૂર્વ કલ્યાણની પ્રાપ્તિથી જીવને પરમ સંતોષ થાય છે માટે જ્ઞાનના વેદનથી જ તું સદા સંતોષ પામ. જ્ઞાનમાં કોઈ અકલ્યાણ નથી, ઉપદ્રવ નથી, દુઃખ નથી, અતૃપ્તિ નથી, જ્ઞાન તો સ્વયમેવ અપર્વ શાંતિના વેદન સહિત છે, તે પોતે કલ્યાણ છે, તે પોતે સુખ છે, તે પોતે પોતાથી તૃપ્ત છે. આવા અનંત નિજભાવોથી ભરેલું ગંભીર જ્ઞાન છે તે જ આત્માનું નિજપદ છે. અરે જીવ ! આ ભવદુઃખથી છૂટવા ને પરમ આનંદ પામવા માટે તું અંતરમાં તારા પરમતત્ત્વનો અભ્યાસ કર, તેમાં ઊંડો ઊતરીને તેનો અનુભવ કર.

જેટલું જ્ઞાન છે તેટલું જ સત્ય અનુભવનીય છે. જ્ઞાનપણે આત્માનો અનુભવ તે જ સાચા આત્માનો અનુભવ છે. તે જ્ઞાનના અનુભવમાં રાગાદિનો પ્રવેશ થાય નહિ.–આવા જ્ઞાનનો અનુભવ કરતાં તને પરમ તૃપ્તિ થશે. જ્ઞાનમાં પરમ અતીન્દ્રિય શાંતિનો સ્વાદ છે, તે સ્વાદનું વેદન કરતાં આત્મા તૃપ્ત–તૃપ્ત થઈ જશે. અહા, ચૈતન્યનું વીતરાગી અમૃત, તેના સ્વાદથી–અનુભવથી આત્મા સ્વયં તૃપ્ત થાય છે.

આ રીતે સમ્યગ્દષ્ટિ–ધર્મી પોતાના જ્ઞાનસ્વરૂપ આત્મામાં જ રત, તેમાં જ સંતુષ્ટ અને તેમાં જ તૃપ્ત થતાં આત્માના જે અતીન્દ્રિય સુખને અનુભવે છે તે સુખ વચનથી અગોચર છે. તે ક્ષણે જ આત્મા પોતે જ પોતામાં તે સુખને અનુભવે છે; સ્વસંવેદનથી આત્મામાં પોતે જે સુખ અનુભવ્યું–તેને પોતે સ્વયમેવ જાણે છે; કોઈ બીજાને પૂછવું પડતું નથી, કે પોતાના અતીન્દ્રિય આનંદના વેદનમાં પોતાને શંકા રહેતી નથી. તે નિઃશંક સુખના અનુભવસહિત જાણે છે કે અહો! આ આત્મા હવે પોતે આનંદરૂપ થયો છે. આ આત્મા હવે સંસારના માર્ગથી છૂટીને પ્રભુના માર્ગમાં ભળ્યો છે, અંદરમાં શાંતિનો સમુદ્ર ઊછળતો દેખ્યો છે. જે અતીન્દ્રિય શાંતિનું વેદન પોતાને થયું તેમાં પોતાના સ્વસંવેદન–પ્રત્યક્ષની સાક્ષી છે. જ્યાં પોતાના સ્વાનુભવથી પ્રમાણ થયું ત્યાં હવે બીજા કોઈ પ્રમાણની જરૂર રહેતી નથી. અંતરમાં મને મારો આનંદનો નાથ મળ્યો, પરમેશ્વરપણે મારો આત્મા મને દેખાયો, પ્રભુનો સાક્ષાત્કાર થયો; અહો! રાગથી જુદા આનંદનું વેદન થયું, હવે મને ધર્મ થયો, હવે હું સંસાર–દુઃખથી છૂટીને મોક્ષના માર્ગે વળ્યો,–આમ પોતાના સ્વસંવેદનથી જ ધર્મીને નિઃશંકતા છે. કોઈ બીજાને પૂછવું નથી પડતું કે પ્રભો! મને આનંદનો અનુભવ થયો કે નહીં?–મને ધર્મ થયો કે નહીં? અરે, રાગથી છૂટો પડીને ચેતનાના અતીન્દ્રિય આનંદનો અનુભવ કર્યો–એ તે પોતાથી કેમ છાનું રહે? અહા, મારા અગાધ ગંભીર જ્ઞાનસ્વરૂપની સામે જોતાં જ મને અપૂર્વ આનંદના વેદનસહિત તૃપ્તિ થઈ, એક સાકરની કટકી મોઢામાં નાંખતા ગળપણનો જે સ્વાદ આવે છે તે સ્વાદમાં પણ સંદેહ રહેતો નથી, તો ચૈતન્યનો પોતાનો જે અતીન્દ્રિય આનંદમય સ્વાદ પોતાના સંવેદનમાં આવ્યો–તેની પોતાને ખબર કેમ ન પડે? અરે, સ્વસંવેદનમાં તો જ્ઞાન અતીન્દ્રિય થઈ જાય છે, તે જ્ઞાનમાં અતીન્દ્રિય આનંદનું સાક્ષાત્ વેદન છે, એમાં કોઇ શંકા રહેતી નથી. પોતે પોતાના સ્વાનુભવથી તે પ્રમાણ કર્યું છે.

સમયસારની શરૂઆત કરતાં જ આચાર્યભગવાને એમ કહ્યું હતું કે સ્વાનુભવ

પ્રધાન મારા નિજવૈભવથી હું એકત્વ–વિભક્ત સુંદર આત્મા દેખાડું છું, તેને હે શ્રોતાજનો! તમે પણ તમારા સ્વાનુભપ્રત્યક્ષપ્રમાણ વડે પ્રમાણ કરજો. માત્ર હા પાડીને અટકશો નહિ, પણ પોતાના આત્મામાં સ્વાનુભવ કરજો. સમ્યગ્દર્શન થતાં જ આવું સ્વાનુભવ–પ્રત્યક્ષપ્રમાણ પોતાને થઈ જાય છે. ત્યાં આત્માના અનુભવમાં પરમ નિઃશંકતા છે, પરમ તૃપ્તિ છે, પરમ સંતોષ છે; આત્મા પોતે પરમ સુખરૂપે વેદાય છે.

અહો જીવો! શાંતિનો સમુદ્ર અંદર તમારામાં છે, તેમાં ઊંડા ઊતરોને! આત્મા સ્વયમેવ શાંતિપણે તમને એવો અનુભવાશે કે તમે તૃપ્ત–તૃપ્ત થઈ જશો. સાક્ષાત્ પરમેશ્વરનો પોતામાં ભેટો થઇ ગયો–પછી અતૃપ્તિ કેવી? પછી બીજાને પૂછવાનું શું?

સમ્યગ્દર્શન થતાં ધર્મી જીવ આત્માને એવો અનુભવે છે કે અચિંત્યશક્તિવાળો દેવ સ્વયં હું પોતે છું. ચૈતન્યચિંતામણિ હું પોતે છું; મારા જ સ્વરૂપના ચિંતનથી મને મહાન આનંદ–સુખ–શાંતિ–સમ્યક્ત્વ વગેરે અમૂલ્ય નિધાન પ્રગટ થયા છે, મારા સર્વ અર્થની સિદ્ધિ મારા સ્વરૂપમાં જ છે, તો હવે બીજા કોઇ પરિગ્રહથી મારે શું પ્રયોજન છે? અહા, ચૈતન્યતત્ત્વ અગાધ–અચિંત્ય શાંતિના ભાવોથી ભરેલું પોતામાં અનુભવાયું ત્યાં હવે બહારથી બીજું શું લેવાનું બાકી રહ્યું? અહા, ચૈતન્યના ચિંતનમાં ધર્મીને જે આનંદ થાય છે તેની શી વાત! (–રસસ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.) ધર્મીને અનુભૂતિ થઈ ત્યાં પંચમરમેષ્ઠી એના ઘરમાં પધાર્યા. પંચપરમેષ્ઠી ભગવંતોને જેવો આનંદ છે તેવા આનંદના અંકુરા સમ્યગ્દર્શન થતાં જ ધર્મીને પ્રગટયા છે...અનાદિના ભડભડતા સંસારદાવાનળનાં દુઃખોથી છૂટીને ચૈતન્યની કોઈ પરમ શાંતિના વેદનથી તે આત્મા ઠરી ગયો, તૃપ્ત થયો; એના અનાદિના થાક ઊતરી ગયા, અને મોક્ષસુખનો સ્વાદ લેવાની શરૂઆત થઈ ગઈ. અહા, આ ચૈતન્યસુખની બીજા બાહ્ય દ્રષ્ટિ જીવોને ખબર પડે તેમ નથી. એ તો જેણે પોતે એવું સુખ અનુભવ્યું હોય તેને જ તેની ખબર પડે, અને તે જ અનુમાન વગેરેથી બીજાના અનુભવને ઓળખી શકે. પોતાના સ્વ–સંવેદન વગર એકલા અનુમાનથી કે એકલા બાહ્યચિહ્નથી કોઈ તે અતીન્દ્રિય શાતિને ઓળખી શકે નહીં. ધર્મીના અંતરની શાંતિનું વેદન પરમ ગંભીર છે, વિકલ્પ તેમાં પહોંચી શકે નહીં. આવું પોતાનું અચિંત્યસ્વરૂપ જેણે જાણ્યું–વેદ્યું–અનુભવ્યું તે જીવ હવે વિકલ્પના કોઈ અંશને પોતાના જ્ઞાનવેદનમાં ભેળવે નહીં; અનંત શાંતિના વેદનથી ભરેલું જ્ઞાન, તેમાં વિકલ્પ સમાઈ શકે નહીં. વિકલ્પમાં એ

શાંતિની ગંધ પણ આવે નહીં, વિકલ્પોથી એના પાર પમાય નહીં.–આવું અદ્‌ભુત શાંત ચૈતન્યસ્વરૂપ તીર્થંકરભગવંતો અને સંતો અનુભવતા આવ્યા છે ને જગતને કહેતા આવ્યા છે; જે જીવો તે લક્ષમાં લ્યે છે તેઓ ન્યાલ થઈ જાય છે. ચૈતન્યસ્વરૂપને ચિંતવતાં તેને પર્યાયે–પર્યાયે પરમ આનંદનાં મોતી ઝરે છે.–આવા અનુભવનું કોઇ અદ્‌ભુત–અપાર માહાત્મ્ય છે, તે સમ્યગ્દ્રષ્ટિને જ અનુભવગમ્ય છે.

સ્વાનુભવથી પોતાનું સર્વસ્વ જેણે પોતામાં દેખ્યું તેને હવે બીજા કોઈ પદાર્થના પરિગ્રહનું પ્રયોજન ક્યાં રહ્યું? પોતાનું સુખ પોતામાં જ સાક્ષાત્ અનુભવ્યું. પછી 'આ બીજી વસ્તુ હોય તો મને ઠીક' એવું ક્યાં રહ્યું? પરદ્રવ્યોથી સદાય છુટેછૂટો હું તો જ્ઞાયકભાવ છું; જ્ઞાયકભાવરૂપ એવો હું પોતે જ સુખ છું. મારા સર્વ અર્થની સિદ્ધિ મારામાં જ છે. અન્ય પદાર્થ વડે મારા કોઈ અર્થની (પ્રયોજનની) સિદ્ધિ થતી નથી. આમ અંતરમાં ભેદજ્ઞાનના બળે ધર્મીજીવ પોતામાં એકલો–એકલો સુખરૂપે પરિણમતો થકો, પોતાથી જ તૃપ્ત–તૃપ્ત વર્તે છે. આનદરૂપે–સુખરૂપે–શાંતિરૂપે–નિરાકુળ તૃપ્તિરૂપે આત્મા પોતે જ થઈ ગયો;–આવી અચિંત્યશક્તિવાળો ભગવાન આત્માં જ્યાં પોતાના અનુભવમાં વર્તી રહ્યો છે ત્યાં હવે બીજા કોઈ ભાવની કે અન્ય પદાર્થની શી જરૂર છે? અહા, આવા અચિંત્ય આત્માને અનુભવનાર ધર્માત્મા પર્યાયમાં પણ કૃતકૃત્ય થઈ ગયો છે. રાગવગર, વિકલ્પ વગર, ઇન્દ્રિયો વગર જેને અપાર આનંદનો અનુભવ પોતામાં થયા કરે એવો ચમત્કારિક ચૈતન્યરત્ન મારો આત્મા પોતે જ છે–એમ હે જીવ! અચિંત્ય મહિમા લાવીને તારા ચૈતન્યસ્વરૂપને એકવાર અનુભવમાં તો લે. એ અનુભવનો મહિમા ઘણો ઊંડો છે, ગંભીર છે, એની અંદર તો ભગવાનના સાક્ષાત્ ભેટા થાય છે, આનંદસહિત મોક્ષનો માર્ગ ત્યાં ઊઘડી જાય છે. જેણે આવા આત્માનો અનુભવ કર્યો તે ધર્મીજીવ ધન્ય–ધન્ય થઈ ગયો, કૃતકૃત્ય થઈ ગયો.

તે ધર્માત્માએ એક ચૈતન્યભાવ સિવાય અન્ય સમસ્ત પરભાવોની પક્કડ છોડી દીધી છે; સમસ્ત પદાર્થોમાંથી 'આ મારું' એવી પરિગ્રહબુદ્ધિ તેણે છોડી દીધી છે. અને બધાથી પાર પોતાનો એક ચિદાનંદસ્વભાવ,–અનંતા નિજભાવોથી ભરેલો આત્મા, તેની સર્વ તરફથી પક્કડ કરીને (એટલે કે શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લઇને) તેનો જ પરિગ્રહ કર્યો છે; એના સિવાય અન્ય કોઇ ભાવોમાં રંચમાત્ર માલિકીપણું રહ્યું નથી.

# વૈરાગ્ય સમાચાર-

મોરબીના શ્રી દમયંતીબેન ચુનીલાલ શાહ (ઉં. વર્ષ ૫૫) તા. ૩–૩–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરના ભાઈશ્રી નરભેરામ હંસરાજ મહેતા મહા વદ ૧૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જેતપુરવાળા દેસાઈ પ્રાણલાલ ભાઈચંદના ધર્મપત્ની શ્રી કસુંબાબેન મુંબઈ મુકામે તા. ૧૭–૩–૭૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ ૨૦મી માર્ચે મુંબઈ પધારતાં તેમના દર્શન કરવાની તેમને ઉત્કંઠા હતી, પણ ત્યાર પહેલાં તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

વીંછીયાનાં ભાઈશ્રી નરોત્તમદાસ (ઉં. વ. ૫૩) ફાગણ સુદ ૧૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ગોંડલવાળા શાંતાબેન ખોડીદાસ (ઉં. વર્ષ. ૫૨) નાગપુર મુકામે ફાગણ વદ આઠમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢના શ્રી કસુંબાબેન ખીમચંદ ઝોબાળિયા (બ્ર. ચંદુભાઈ વગેરેનાં માતુશ્રી, ઉ. વ. ૬૮) ચૈત્ર સુદ એકમના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ત્રીસેક વર્ષથી સોનગઢ રહીને લાભ લેતા હતા. સ્વર્ગવાસના આગલા દિવસે પૂ. ગુરુદેવ તેમને દર્શન દેવા પધાર્યા હતા.

ભાઈશ્રી વૃજલાલ ફૂલચંદ ધોળકીયા (ઉ. વ. ૬૪) તા. ૧૯–૨–૭૩ ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ઘાટકોપર મુમુક્ષુમંળડના તેઓ ઉત્સાહી આગેવાન અને ઉપપ્રમુખ હતા. ગુરુદેવ ઘાટકોપર પધારવાના હોવાથી તેમને ઘણો ઉત્સાહ હતો. પણ તે પહેલાં તો તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

ભાઈશ્રી બાબુભાઈ ચુનીલાલ જરીવાલા (તેઓ આપણા પ્રમુખશ્રી નવનીતભાઈના બંધુ) ગત માસમાં મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

જૈનસમાજના પ્રસિદ્ધ વિદ્વાન ડો. હીરાલાલજી જૈન (ડિ. લિટ.) સ્વર્ગવાસ પામી ગયા છે. તેઓ સંસ્કૃત–પ્રાકૃત સાહિત્યના પ્રખર વિદ્વાન હતા, અને ષટ્‌ખંડાગમ જેવા ઉત્તમ સાહિત્યનો સુંદર હિંદી અનુવાદ કરીને તેને પ્રસિદ્ધિમાં લાવવામાં તેમનો સૌથી મહત્ત્નો ફાળો હતો. ષટ્‌ખંડાગમ (–ધવલ–) ના તેઓ મુખ્ય સંપાદક હતા. તેઓ સોનગઢ પણ આવી ગયા હતા.

**- સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગી દેવગુરુધર્મના શરણે આત્મહિત પામો.**

# 卐 આપનાં ઘરનું ઉત્તમ આભૂષણ 卐

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) ના પુસ્તક–વિભાગમાં હાલ નીચેના ગુજરાતી પુસ્તકો મળે છે. પુસ્તકોની કિંમત ઉપરાંત તેનું રવાનગી ખર્ચ પણ મંગાવનારે આપવાનું હોય છે. પુસ્તકના ઓર્ડરની સાથે તેની કિંમતની રકમ પણ મોકલવી જરૂરી છે–કેમકે પુસ્તકો ઉધાર લખીને મોકલાતા નથી. વી. પી. થી મંગાવવા ઇચ્છતા હોય તો તેમ લખવું જરૂરી છે. પુસ્તકોમાં કમિશન અપાતું નથી. દરેક પુસ્તક આપને અધ્યાત્મના ઉચ્ચ સંસ્કાર અને આત્મહિતની ઉત્તમ પ્રેરણા આપશે. આવા વીતરાગી સાહિત્યનો ખૂબ–ખૂબ પ્રચાર કરવાની જરૂર છે. વીતરાગી સાહિત્ય એ શ્રાવકના ઘરનું શ્રેષ્ઠ આભૂષણ છે.

| | | | |
|---|---|---|---|
| આત્મધર્મ–માસિક (વાર્ષિક લવાજમ) | ૪–૦૦ | સમ્યગ્જ્ઞાન દીપિકા | ૧–૫૦ |
| છ માસ (વૈશાખથી આસોના) | ૨–૦૦ | સમ્યગ્દર્શન ભાગ–૪ | ૧–૫૦ |
| આત્મધર્મ–માસિક (હિંદી) લવાજમ | ૪–૦૦ | સમ્યગ્દર્શન ભાગ–૫ | ૧–૨૫ |
| મંગલ તીર્થયાત્રા | ૬–૦૦ | જિનેન્દ્ર ભજનમાળા | ૧–૨૫ |
| પ્રવચનસાર (મૂળશાસ્ત્ર) | ૫–૫૦ | શ્રી કાનજીસ્વામીનો જીવન–પરિચય | ૧–૦૦ |
| સમયસાર પ્રવચન (ભાગ–૧) | ૪–૦૦ | દ્રવ્યસંગ્રહ | ૧–૦૦ |
| આત્મવૈભવ (૪૭ શક્તિ પ્રવચન) | ૩–૫૦ | જૈન સિદ્ધાંત – પ્રશ્નોત્તરમાળા | ૧–૧૨ |
| આત્મભાવના (સમાધિશતકપ્રવચન) | ૩–૨૫ | રત્ન સંગ્રહ ભાગ–૧ | ૦–૮૦ |
| આત્મસિદ્ધિ ૫૨ પ્રવચનો | ૩–૨૫ | રત્ન સંગ્રહ ભાગ–૨ | ૦–૮૦ |
| મોક્ષમાર્ગ પ્રકાશક | ૩–૦૦ | ચિદ્‌વિલાસ | ૦–૭૫ |
| પંચાસ્તિકાય સંગ્રહ (મૂળશાસ્ત્ર) | ૩–૦૦ | અષ્ટપ્રવચન | ૧–૦૦ |
| સમયસાર–કળશ ટીકા | ૨–૫૦ | વીતરાગવિજ્ઞાન (છ ઢાળા પ્રવચનો) ભાગ–૨ | ૦–૫૦ |
| અનુભવ પ્રકાશપ્રવચનો | ૨–૫૦ | વીતરાગ વિજ્ઞાન (છ ઢાળા પ્રવચનો) ભાગ–૩ | ૧–૦૦ |
| પંચ કલ્યાણકપ્રવચનો | ૨–૨૫ | અકલંક–નિકલંક (ધાર્મિક નાટક) | ૦–૭૫ |
| જિનેન્દ્ર પૂજા સંગ્રહ | ૨–૦૦ | દર્શનકથા | ૦–૭૦ |
| પુરુષાર્થ સિદ્ધિઉપાય | ૨–૦૦ | સમ્યક્‌પ્રભા | ૦–૭૫ |
| ઇષ્ટોપદેશ | ૨–૦૦ | આત્મસિદ્ધિ–અર્થ (ગૂટકો) | ૦–૬૦ |
| મોક્ષમાર્ગ પ્રકાશકનાં કિરણો (ભાગ–૨) | ૧–૬૩ | આત્મસિદ્ધિ (મૂળગાથા) | ૦–૧૫ |

| | | | |
|---|---|---|---|
| જિનેન્દ્ર પૂજાપલલ્વ | ૦–૫૦ | શૂરવીર સાધક | ૦–૨૫ |
| બાલબોધ પાઠમાળા ભાગ–૧ | ૦–૪૦ | સમાધિશતક ( દોહરા ) | ૦–૧૫ |
| બાલબોધ પાઠમાળા ભાગ–૨ | ૦–૫૦ | ભગવાન મહાવીર | ૦–૧૫ |
| બાલબોધ પાઠમાળા ભાગ – ૩ | ૦–૫૫ | ભગવાન ઋષભદેવ | ૦–૧૫ |
| વીતરાગવિજ્ઞાન પાઠમાળા ભગ–૧ | ૦–૫૫ | જિનપૂજા પાઠ ( લઘુ આવૃત્તિ ) | ૦–૧૩ |
| વીતરાગવિજ્ઞાન પાઠમાળા ભાગ–૨ | ૦–૭૫ | આલોચના | ૦–૧૩ |
| વીતરાગવજ્ઞાન પાઠમાળા ભાગ–૩ | ૦–૭૫ | જૈન બાળપોથી ભાગ–૧ | ૦–૨૫ |
| સમયસાર પદ્યાનુવાદ | ૦–૩૧ | જૈન બાળપોથી ભાગ–૨ | ૦–૪૦ |
| પ્રવચનસાર પદ્યાનુવાદ | ૦–૩૫ | જૈન સિદ્ધાંત પ્રવેશિકા | ૦–૧૬ |
| સામાયિક પાઠ ( અર્થસહિત ) | ૦–૩૦ | અખંડ આરાધના | ૦–૫૦ |
| સમવસરણ સ્તુતિ | ૦–૨૫ | 卐 卐 卐 | |

## આત્મધર્મ–પ્રચાર તથા બાલવિભાગ માટે આવેલ રકમોની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૧ | નિરંજન હિંમતલાલ | સોનગઢ | ૨૫ | મનીષકુમાર કાંતિલાલ | અમદાવાદ |
| ૫૦ | મૂલચંદ કસ્તુરચંદ તલાટી | મુંબઈ | ૧૫ | સિદ્ધેશકુમાર રાજેશકુમાર | અમદાવાદ |
| ૪૧ | અરુણકુમાર પરસોત્તમ | બોટાદ | ૨૫ | દમયંતીબેન ચુનીલાલ | મોરબી |
| ૫૧ | સુરેન્દ્રકુમાર કસ્તુરચંદ તલાટી | મુંબઈ | ૫૧ | ભાઈલાલ ઘેલાભાઈ શાહ | મદ્રાસ |
| ૨૫ | રતિલાલ હરગોવિંદદાસ મોદી | મુંબઈ | ૧૦૧ | ચીમનલાલ કરમણ નરસી | નાઇરોબી |
| ૨૧૦ | મનસુખલાલ છગનલાલ દેસાઇ | સોનગઢ | ૧૦૧ | મનસુખલાલ વેલજી મેપા | નાઇરોબી |
| ૨૫ | લાલચંદ જગજીવન શાહ | કલકત્તા | ૫૧ | મીલાબેન ચંદ્રકાન્ત જેઠાભાઈ | નાઈરોબી |
| ૫૧ | મૂલચંદ કસ્તુરચંદ તલાટી | મુંબઈ | ૫ | હરીશકુમાર કાંતીલાલ ભાયાણી | સોનગઢ |
| ૨૫ | છોટાલાલ પીતાંબરદાસ | કલોલ | ૧૧ | અરૂણાબેન | – |
| ૨૫ | છગનલાલ મોનજીભાઈ દેસાઈ | સોનગઢ | ૨૫ | ઝવેરીબેન ગુલાબચંદ | જામનગર |
| ૧૦૧ | ઉજમબેન ચુનીલાલ શેઠ | સોનગઢ | ૨૫ | દુલીચંદજી ખેમરાજજી | ખૈરાગઢ |
| ૨૫ | કમલેશકુમાર કાંતિલાલ | અમદાવાદ | ૫૧ | કેશવલાલ ડામરદાસ | ધાંગધ્રા |




**અમે તો જિનવરનાં સંતાન..... જિનવરપંથે વિચરશું.**

**ગાતાં પ્રભુજીનાં ગુણગાન....... ઉજવલ આત્માને વરશું.**

સંપાદકનો પત્ર–

ધર્મપ્રેમી બાલબંધુઓ! પત્ર દ્વારા આ વખતે ઘણા દિવસે મળીએ છીએ. આજના યુવાનોમાં ને બાળકોમાં દિવસે દિવસે ધાર્મિકસંસ્કાર વધતા જાય છે તે દેખીને આનંદ થાય છે. બંધુઓ, આપણે તો વીરનાં સંતાન છીએ. આપણા વીરપ્રભુના જન્મનો મંગલદિવસ ચૈત્રસુદ તેરસે આવી રહ્યો છે; પ્રભુએ આત્માની આરાધનાવડે પોતાનો અવતાર સફળ કર્યો, તેમના ઉત્તમ જીવનમાંથી આત્મહિતની પ્રેરણા લઈને આપણે પણ આત્માની આરાધના કરીએ–તે માટે આપણે તેમના જન્મદિવસને યાદ કરીને ઊજવીએ છીએ. હવે તો તમારી સૌની પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હશે, એટલે લૌકિક ભણતરનો બોજો ઊતરી ગયો હશે. તો હવે ભવનો બોજો પણ ઉતારી નાંખે એવા વીતરાગ–વિજ્ઞાનનો વધુ અભ્યાસ કરવામાં ચિત્તને પરોવજો. સારા મુમુક્ષુજીવોના સંગે ધર્મચર્ચા, ઉત્તમ જૈનસાહિત્યનું વાંચન, તીર્થંકર વગેરે મહાપુરુષોનાં જીવનચરિત્ર, આપણા તીર્થોનો પરિચય, વગેરે દ્વારા તમારા જીવનમાં આત્મજ્ઞાન અને વૈરાગ્યના ઉત્તમ સંસ્કાર જરૂર લેજો. એ જ ખરું લાભકારી છે. રજાના દિવસોને જ્યાંત્યાં હરવાફરવામાં કે રમતગમતમાં વેડફી ન દેશો. આ વખતે શિક્ષણવર્ગ સોનગઢમાં ખુલવાનો નથી. પરંતુ તમારા ગામમાં તમે સૌ વિદ્યાર્થીઓ હળીમળીને વડીલોની દોરવણીપૂર્વક ખૂબ જ હોંશથી નવો નવો ધાર્મિક અભ્યાસ કરીને, 'રજામાં ધર્મની મજા' કરજો.–એ જ જીવનની સાચી મજા છે. રજા દરમિયાન તમારી સૌની ધાર્મિક પ્રવૃત્તિ જણાવશો તો આનંદ થશે.

– જય જિનેન્દ્ર લી. તમારો ભાઈ હરિ.

# ઓળખી કાઢો-આપણા તીર્થંકર ભગવંતોને

બાળકો! આપણા ઋષભદેવથી માંડીને મહાવીર સુધીના ૨૪ તીર્થંકરોને તો તમે જાણો જ છો. તો હવે તેમાંથી નીચે લખેલા તીર્થંકર ભગવાનને તમારે ઓળખી લેવાના છે. તે ભગવંતોને શોધતાં તમને મજા પડશે, ને ઘણું જાણવાનું મળશે.

(૧) એવા કયાં તીર્થંકર છે કે તેમનો અને તેમના પુત્રનો બંનેનો એક જ જન્મ દિવસ હોય?

(૨) એવા કયા તીર્થંકર છે કે જેમની માસીએ તેમને આહારદાન કર્યું હોય?

(૩) એવા કયા તીર્થંકર છે કે જેમણે વર્ષીતપ કરીને પારણા વખતે હાથમાં શેરડીનો રસ પીધો હોય?

(૪) એવા કયા તીર્થંકર છે કે વિદેહક્ષેત્રના તીર્થંકરે યાદ કરવાથી જેઓ વૈરાગ્ય પામ્યા હોય?

(૫) એવા કયા તીર્થંકર છે કે જેઓ સિંહના ભવમાં સમકિત પામ્યા હોય?

(૬) એવા કયાં તીર્થંકર છે કે જમનું ચિહ્ન સર્પ હોય?

(૭) એવા કયા તીર્થંકર છે કે જેનું ચિહ્ન ઝાડ (કલ્પવૃક્ષ) હોય?

(૮) એવા કયા તીર્થંકર છે કે જેમના બે પુત્રો સામસામા લડયા હોય?–અને પછી મોક્ષ પામ્યા હોય?

(૯) એવા કયા તીર્થંકર છે કે જેમના પુત્રો જ તેમના ગણધર થયા હોય?

(૧૦) એવા કયા તીર્થંકર છે કે જેમને બે ઉત્તમ પુત્રી હોય?

(૧૧) એવા કયા તીર્થંકર છે કે જે ખરેખર સ્ત્રી ન હોવા છતાં અજ્ઞાનીઓ જેને સ્ત્રી માનતા હોય?

(૧૨) એવા કયા તીર્થંકર છે કે જેઓ અષાઢ સુદ છઠ્ઠે ત્રિશલા માતાની કુંખે પધાર્યા હોય?

(૧૩) એવા કયા તીર્થંકર છે કે જેઓ ફાગણવદ નોમે જન્મ્યા હોય ?

(૧૪) એવા કયા તીર્થંકર છે કે જેમના પ્રતાપે ભારતમાં દીપાવલી પર્વ ઉજવાય છે ?

(૧૫) એવા કયા તીર્થંકર છે કે જેઓ પોતે બે વખત (પૂર્વ ભવોમાં) તીર્થંકર પ્રભુના પુત્ર થયા, ને પછી પોતે તીર્થંકર થયા! ને તેમના ભાઈ તેમના ગણધર થયા ?

(૧૬) એવા કયા તીર્થંક્રર છે કે જેમના પુત્ર ચક્રવર્તી થયા હોય ?

(૧૭) એવા કયા તીર્થંકર છે કે જેઓ તે ભવમાં ચક્રવર્તી પણ થયા હોય ?

(૧૮) એવા કયા તીર્થંકર છે કે જેમને ૧૦૦ પુત્રો થયા હોય ને તે બધાય પુત્રો તે જ ભવે મોક્ષ પામ્યા હોય ?

(૧૯) શ્રી નેમિનાથ ભગવાન ઉપરાંત બીજા એવા કયા તીર્થંકર છે કે જેઓ લગ્ન વખતે વૈરાગ્ય પામ્યા હોય ?

(૨૦) એવા કયા તીર્થંકર છે કે જેઓ મુનિદશામાં માત્ર છ દિવસ જ રહ્યા હોય ?

(૨૧) એવા કયા તીર્થંકર છે કે જેમને સૌથી વધુ (૧૧૬) ગણધરો હોય ?

(૨૨) ચંદ્રપ્રભુ સિવાય બીજા એવા કયા ભગવાન છે કે જેમના શરીરનો વર્ણ સફેદ હોય ?

(૨૩) નેમનાથ ભગવાન સિવાય બીજા કયા ભગવાન એવા છે કે જેઓ શ્યામવર્ણા હોય ?

(૨૪) એવા કયા તીર્થંકર છે કે જેઓ કાશીમાં જન્મ્યા હોય ?

(૨૫) એવા કયા તીર્થંક્રર છે કે જેમના નિમિત્તે બે સર્પો પણ ધર્મ પામ્યા હોય ?

(૨૬) એવા કયા તીર્થંકર છે કે જેઓ સૌરાષ્ટ્ર–ગુજરાતમાં સૌથી ઊંચા સ્થાને બિરાજતા હોય ?

(૨૭) એવા કયા તીર્થંકર છે કે ભીમ વગેરે પાંડવોએ જેમનો ઉપદેશ સાંભળ્યો હોય ?

(૨૮) એવા કયા તીર્થંકર છે કે જેઓ શ્રીકૃષ્ણના સગા થતા હોય ?

(૨૯) એવા કયા તીર્થંકર છે કે જેઓ સૌરાષ્ટ્રમાંથી મોક્ષ પામ્યા હોય ?

(૩૦) એવા કયા તીર્થંકર છે કે જેમની સમીપે શ્રેણીકરાજા ક્ષાયિક સમકિત પામ્યા ?

(જવાબો આવતા અંકે વાંચશો.)

# * પચીસ વર્ષ પહેલાંની વાત *

**આપણા બાલવિભાગ દ્વારા આજે ત્રણહજાર કરતાં વધુ સભ્યો આનંદથી ધર્મના સંસ્કાર મેળવી રહ્યા છે. બંધુઓ, તમારામાંથી ઘણા સભ્યોને કદાચ ખબર નહિ હોય કે આ બાલવિભાગ ક્યારે શરૂ થયો ? તો તે સંબંધી થોડી વિગત તમને જણાવું.**

* આત્મધર્મમાં બાલવિભાગની પહેલીવહેલી શરૂઆત આજથી પચીસ વર્ષ પહેલાં, ( વીર સં. ૨૪૭૪ ના માગશર માસમાં ) થઈ હતી.
* તે વખતના સંપાદક મુરબ્બીશ્રી રામજીભાઈ પોતે પણ બાલવિભાગમાં લેખો લખતા હતા, અને બાળકોને પ્રોત્સાહન આપતા હતા.
* તે વખતે દરમહિને બાળકોને પ્રશ્ન પૂછતા, અને જવાબ લખનારને સૌને ઈનામ પણ અપાતા, તથા તેમનાં નામો દરમહિને છપાતા હતા. તે વખતના બાલવિભાગના સભ્યોના ઘરે આજે પણ તેમને મળેલા ઈનામના ફોટાઓ દીવાલપર શોભી રહ્યા છે. તે વખતના બાલવિભાગના કેટલાક સભ્યોના પુત્રો પણ આજે બાલવિભાગમાં હોંશથી ભાગ લઈ રહ્યા છે.
* જેને જાતિસ્મરણજ્ઞાન છે. તે રાજુલબાળા આજે આપણા બાલવિભાગની સભ્ય ( નં. ૬૨૮ ) છે.
* એ વખતની સભ્યસંખ્યા કરતાં દસગુણા સભ્યો આજે આપણા બાલવિભાગમાં હોંશથી ભાગ લઈ રહ્યા છે; ને તેમના વડીલો તરફથી દરવર્ષે હજારો રૂપિયાની રકમ બાલવિભાગના વિકાસ માટે આવે છે.
* આજના મોજશોખ અને સિનેમાના યુગમાં હજારો બાળકોને તે કુસંસ્કારોથી દૂર રાખવાનું ને ધર્મમાં રસ લેતા કરવાનું સુંદર કામ બાલવિભાગ દ્વારા થઈ રહ્યું છે.
* દરેક બાળક પોતાને ‘અમે તો જિનવરનાં સંતાન’ એમ ઓળખાવતાં ગૌરવ અનુભવે છે, ને ઘરમાં આવતું ‘આત્મધર્મ’ વાંચવાનો પહેલો હક્ક પોતાનો છે –એમ માને છે; અને વીરપ્રભુના મોક્ષના અઢીહજાર વર્ષનો ઉત્સવ ઉજવવા થનગની રહ્યા છે.–આવા બાલવિભાગના વિકાસ માટે આપના સલાહ–સૂચનો તેમજ લખાણો જોડકણાં વગેરે મોકલવા હાર્દિક આમંત્રણ છે. ( સં. )

# * વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા *

વિવિધ વાનગી પીરસતા આ વિભાગમાં જિજ્ઞાસુઓ સારો રસ લઈ રહ્યા છે. જિજ્ઞાસુઓને ઉપયોગી અવનવી માહિતી તેમજ પ્રશ્ન–ઉત્તર આ વિભાગમાં આપવામાં આવે છે.

પ્રશ્નઃ – દેવગતિના દેવોનું સરેરાશ આયુષ્ય કેટલું ?

ઉત્તરઃ – સરેરાશ પ્રમાણે દેવગતિના દેવોનું આયુષ્ય સંખ્યાતા વર્ષનું થાય છે. જોકે તેમાં કેટલાક દેવો અસંખ્ય વર્ષના આયુષવાળા છે, પરંતુ સંખ્યાત વર્ષના આયુષવાળા દેવો ઘણા વધુ (અસંખ્યાત ગુણા) છે; એટલે સરેરાશ ગણતરીથી દેવોનું આયુષ્ય સંખ્યાત વર્ષ જ થાય છે.

પ્રશ્નઃ – દેવ કરતાં મનુષ્યનું આયુષ્ય વધારે હોઈ શકે ?

ઉત્તરઃ હા; દેવોમાં મોટા ભાગના દેવો સંખ્યાત વર્ષના જ આયુષવાળા છે (–જોકે ઓછામાં ઓછા દશ હજાર વર્ષનું આયુષ્ય તો ખરું જ.) – પરંતુ મનુષ્યોમાં જુગલિયા મનુષ્યોનું આયુષ અસંખ્યાત વર્ષોનું હોય છે તેમજ ઉત્તમ કાળના જીવોનું આયુષ્ય પણ ઘણું વધારે (કરોડો–અબજો કરતાંય વધુ વર્ષોનું) હોય છે.

પ્રશ્નઃ – જીવો સ્વર્ગમાં ઝાઝા કે મોક્ષમાં ?

ઉત્તરઃ મોક્ષમાં. (સ્વર્ગમાં અસંખ્યજીવો છે, જ્યારે મોક્ષમાં અનંત જીવો છે, એટલે સ્વર્ગ કરતાં અનંત ગુણા જીવો મોક્ષમાં છે.)

પ્રશ્નઃ – જીવો સ્વર્ગમાં ઝાઝા કે નરકમાં ?

ઉત્તરઃ સ્વર્ગમાં. (જોકે સ્વર્ગ અને નરક બંનેમાં જીવો અસંખ્યાતા છે, પરંતુ નરક કરતાં સ્વર્ગના જીવો અસંખ્યગુણા વધુ છે.)

પ્રશ્નઃ– જીવો સ્વર્ગમાં વધુ કે મનુષ્યમાં ?

ઉત્તરઃ– સ્વર્ગમાં.

ooo ત્રણ પ્રશ્નઃ– ooo

(૧) દેવોને ચાર છે, નારકીને ચાર, તિર્યંચોને પાંચ, મનુષ્યોને ચૌદ, પંચેન્દ્રિય સિવાયના જીવોને એક, – એ શું ?

(૨) જગતમાં સિદ્ધભગવાન ઝાઝા કે મનુષ્યો ઝાઝા ?

(૩) આપણે મોક્ષમાં જવું છે. તો નીચેની દશ વસ્તુમાંથી કઈ કઈ પાંચ વસ્તુઓ મોક્ષમાં સાથે લઈ જશું ? તે પસંદ કરો–

(૧) માનવદેહ, (૨) સમ્યગ્દર્શન,
(૩) પુણ્ય, (૪) શ્રુતજ્ઞાન,
(૫) તીર્થંકર પદ, (૬) કેવળજ્ઞાન,
(૭) શુભરાગ, (૮) અમૂર્તપણું,
(૯) સુખ, (૧૦) અસ્તિત્વ.

# 卐 સંતો બોલાવે છે - આનંદના ધામમાં 卐

સંસારમાં રાગમાં સૂતેલા અજ્ઞાની પ્રાણીઓને જગાડીને, આનંદના ધામમાં બોલાવતાં શ્રીગુરુ કહે છે કે–

અરે જીવ! તું તો અતીન્દ્રિય આનંદરસનો સમુદ્ર છો. આનંદ જ તારું સ્વરૂપ છે, ને તેને ભૂલીને તું આ રાગાદિ દુઃખભાવોને નિજપદ માનીને તેમાં મોહી રહ્યો છે,–એ તે કાંઈ તને શોભે છે! તારું તો આનંદધામ છે, તે આનંદધામમાં તું આવ. રાગ તારું પદ નથી.

અરે, દેખતો–જાગતો ચૈતન્યસ્વભાવ તું પોતે, અને પોતાના સ્વરૂપને તું ન દેખ, ને રાગાદિ અજ્ઞાનભાવોને જ પોતાનું સ્વરૂપ માનીને તેનો જ અનુભવ કર એવું મોહાંધપણું કાંઈ તને શોભતું નથી. આવું અંધપણું હવે તું છોડ....ને તારા ચૈતન્યમય સ્વપદને દેખીને તેને અનુભવમાં લે.

અહા, ચૈતન્યપ્રભુ આત્મા! એ તે જ્ઞાનપદમાં વસે કે રાગમાં વસે? રાગ તો ચૈતન્યપ્રભુને રહેવા માટે અપદ છે, ચૈતન્યપ્રભુ તો એક જ્ઞાનપદમાં જ રહેનારા છે. અરે ચૈતન્યપ્રભુ! તને તારા ચૈતન્યપદના આનંદનું વેદન શોભે, રાગનાં વેદન તને ન શોભે. 'રાગ' કહેતાં તેની સાથે દ્વેષ, ક્રોધ–માન–માયા–લોભ, હર્ષ–શોક, શુભ–અશુભ લાગણીઓ તે બધા પરભાવો સમજી લેવા. તે બધાય પરભાવોમાં ક્યાંય ચૈતન્યનું સ્થાન નથી, ચૈતન્યને માટે તે અસ્થાન છે, અપદ છે. ચૈતન્યપદ તો રાગ વગરનું છે.

ચૈતન્યમહારાજા તો સુખના ધામમાં વસે તેવા છે; તે રાગાદિ દુઃખના ભાવમાં કેમ વસે? રાજા ઉકરડામાં સૂએ–એ તે કાંઈ તેને શોભે?–ના; એ તો તેને માટે અપદ છે. રાજાનું સ્થાન તો હીરાજડિત સિંહાસનમાં હોય તેમ જગતમાં શ્રેષ્ઠ એવો આ આત્મભગવાન જ્ઞાન–આનંદમય પોતાના શાંતિધામમાં વસનારો છે; તે રાગાદિ અશુદ્ધભાવોના ઉકરડામાં લીન થઈને તેમાં સુખ માને–એ તે કાંઈ તેને શોભે? ના, એ તો તેને માટે અપદ છે, દુઃખ છે, અશોભા છે, અસ્થાન છે. આત્મભગવાનનું સ્થાન તો પોતાના અનંતગુણોની નિર્મળ પરિણતિમાં હોય. આ રીતે નિજપદ બતાવીને શ્રીગુરુ તેને જગાડે છે કે અરે ભગવાન! તું જાગ! અપાર મહિમાથી ભરેલા તારા શુદ્ધ

ચૈતન્યપદને તું સંભાળ! તું અનાદિ અજ્ઞાનથી પરપદમાં સૂતો... નિજપદને ભૂલીને અંધ થયો.... હે જીવ! હવે તો તું જાગ! ભેદજ્ઞાનચક્ષુ ખોલીને તારા અંતરમાં સુખધામને દેખ! તારું પદ કેવું સુંદર છે!

**શુદ્ધ-બુદ્ધ-ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું? કર વિચાર તો પામ.**

અહા, અનંતસુખનું ધામ એવું ચૈતન્યપદ, તે સંતો દિન–રાત પોતાના અંતરમાં ધ્યાવીને અપૂર્વ આનંદને અનુભવે છે. ભગવાન! તું પણ આવા તારા સુખધામમાં આવ. રાગના વેદનથી અનંતકાળ તું સંસારમાં રખડયો, હવે ત્યાંથી પાછો વળ......ને આ તરફ આવ. તારું ચૈતન્યપદ મહા આનંદમય છે તેને તારા અંતરમાં તું દેખ. જાગ! અત્યારે આ જાગવાનો અવસર છે, નિજપદના આનંદને સાધવાનો આ અવસર છે.

આ સંસારના દુઃખના વેદનથી તારે છૂટવું હોય ને ચૈતન્યની પરમ વીતરાગી શાંતિનું વેદન કરવું હોય તો, અમે રાગથી ભિન્ન તારું સ્વપદ તને બતાવીને છીએ. તે ચૈતન્યમય સ્વપદને તું અંતરમાં દેખ.....પરભાવથી પાછો વળીને આ સ્વભાવ તરફ આવ.

વાહ રે વાહ! વીતરાગી સંતો જગતના જીવોને મોક્ષના માર્ગમાં બોલાવે છે –આ તરફ આવો.....આ તરફ આવો! અંતરનું આનંદમય શુદ્ધ ચૈતન્યપદ દેખાડીને કહે છે કે વાહ! આ તમારું સ્થિર ચૈતન્યપદ મહા આનંદસહિત શોભી રહ્યું છે–તે નિજપદમાં તમે આવો, તેને જ તમે અનુભવો; ને રાગાદિને પરપદ જાણીને તેનો અનુભવ છોડો. સ્વપદમાં આવતાં તમને કોઈ અદ્‌ભુત–અપૂર્વ આનંદ થશે.

પ્રભુ! તું આનંદનો ભંડાર; તારી પર્યાયમાં પણ આનંદ જ શોભે, તારી પર્યાયમાં રાગ નથી શોભતો. રાગ તો અશુદ્ધ છે, તું તો શુદ્ધ ચૈતન્યમય છો; તારું કાર્ય પણ શુદ્ધ જ હોય, રાગાદિ અશુદ્ધતા તે ખરેખર તારું કાર્ય નથી. ચૈતન્યનું કાર્ય તો ચૈતન્યભાવરૂપ જ હોય, અચેતનરૂપ (રાગરૂપ) તેનું કાર્ય ન હોય. દ્રવ્યથી ને પર્યાયથી સર્વ પ્રકારે શુદ્ધ ચૈતન્યરસમય તારું નિજપદ છે. અનંતાનંત ગુણની શાંતિનો વૈભવ તારામાં ભર્યો છે. આવા નિજવૈભવથી ભરપૂર નિજપદને દેખીને તું આનંદિત થા. આમ સંતો આનંદના ધામમાં બોલાવે છે.

વાહ રે વાહ! કેવું અદ્‌ભુત સુંદર છે મારું આ આનંદધામ!

આનંદધામ બતાવીને સંતોએ મહાન ઉપકાર કર્યો છે.

# અહો, અદ્‌ભુત ચિદાનંદ આત્મા!

આતમા......આતમા.....આતમા.....રે...............
અહો ! અદ્‌ભુત ચિદાનંદ આતમા........
જેને દેખતાં થઈશ પરમાત્મા રે.....
અહો, અદ્‌ભુત ચિદાનંદ આતમા.....

ભૂલ મા ભૂલ મા ભૂલ મારે રે
તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા !
પરને પોતાની માન મા રે
અહો, અદ્‌ભુત ચિદાનંદ આતમા !.....આતમા.

તારામાં શાંત થા..... ધર્માત્મા જીવ થા !
સ્વરૂપ બહાર તું ભમ મા રે....
તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા.....ભૂલ મા.

સમ્યગ્દ્રષ્ટિ થા... ભ્રમ મટાડી,
આનંદ સ્વરૂપે તું લીન થા રે.....
અહો ! અદ્‌ભુત ચિદાનંદ આતમા !......આતમા.

આનંદનો દરિયો જ્ઞાનસ્વરૂપી
ઉછળે એમાં તું મગ્ન થા રે.....
તારી ચિદાનંદ વસ્તુને ભૂલ મા..... ભૂલ મા.

આવી ગયો છે અવસર રૂડો
શાંતસ્વરૂપે તું સ્થિર થા રે.....
અહો ! અદ્‌ભુત ચિદાનંદ આતમા ! ..... આતમા.

( સમયસાર પ્રવચનો પૃષ્ઠ ૧૭૫ ઉપરથી )

# પહોળો રસ્તો ( સુંદર માર્ગ )

બે મિત્રો વાત કરતા હતા –

એક અમેરિકન કહે–અમારે ત્યાં શહેરના રસ્તા એટલા પહોળા છે કે પૂર ઝડપે એક સાથે ચાર મોટર જાય ને ચાર મોટર આવે.

જૈન કહે–ભાઈ, અમારો મોક્ષપૂરીનો રસ્તો તો એટલો પહોળો છે કે તેમાં અસાધારણ ઝડપે ( મોટર કરતાંય અસંખ્યાતગણી ઝડપે ) એકસો આઠ જીવો એકસાથે ગમન કરી શકે. અમેરિકામાં તો મોટરના ઘણાય અકસ્માત થતા હશે, પણ અમારી આ અમરપુરીના માર્ગમાં કદી કોઈને અકસ્માત થતો નથી. હા, એટલું ખરું કે આ માર્ગ માત્ર 'વનવે' છે, તે માર્ગે મોક્ષમાં જવાય છે ખરું, પણ પાછા અવાતું નથી. ખરેખર, આવો માર્ગ તે જ સુંદર માર્ગ છે.

* * * * *

## આત્મધર્મ માસીક- પત્રના સ્વામીત્વ વગેરે સંબંધી જાહેરાત.


| | |
|---|---|
| પ્રકાશન સ્થળ– | દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) |
| પ્રકાશન તિથિ– | દરેક અંગ્રેજી માસની દસમી તારીખ |
| પ્રકાશક– | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ ( સૌ. ) |
| મુદ્રક– | મનગલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌ. ) |
| તંત્રી– | શ્રી પુરુષોતમદાસ શિવલાલ કામદાર |
| રાષ્ટ્રીયતા– | ભારતીય |
| સ્વાધિકાર– | દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌ. ) |

હું જાહેર કરું છું કે ઉપરોકત માહિતી મારી જાણ અને વિશ્વાસમુજબ બરાબર છે.

તા. ૨૦–૪–૭૩ વ્યવસ્થાપકઃ શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ.


* * * * *

* **વૈરાગ્ય સમાચાર**–રાજકોટના શ્રી જયાલક્ષ્મીબેન (તેઓ ભાઈશ્રી આનંદલાલ નાનાલાલ જસાણીના ધર્મપત્ની ઉ. વ. ૫૩ ) તા. ૩–૩–૭૩ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ રાજકોટ તેમ જ સોનગઢમાં ઘણો વખત ગુરુદેવના સત્સંગનો લાભ લીધો હતો. વીતરાગી દેવગુરુના શરણે તેઓ આત્મહિત પામો.

# સમાચાર ( ટાઈટલ પાનું ૨ થી ચાલુ )

લખનૌથી ગૌહાત્તી માટે બે સીધી ગાડી મળે છે. અથવા મુંબઈથી ( વાયા નાગપુર ) હાવરા મેઈલમાં કલકત્તા જઈને ત્યાંથી ગૌહાત્તી માટે 'કામરૂપ એકસપ્રસ' મળે છે. ( કલકત્તાથી બોઇંગપ્લેન ૪૫ મિનિટમાં ગૌહાત્તી પહોંચે છે. એક સવારે છ વાગ્યે અને બીજું બપોરે ૩ વાગે ઉપડે છે. ગુજરાતથી જવા માટે વીરમગામ–હાવરાનો ડબ્બો લાગે છે, તેમાં કલકત્તા થઈને ઉપરના રસ્તે ગૌહાત્તી જવાય છે. ( આ રસ્તે વચ્ચે દિલ્હી આવતું નથી. ) અમદાવાદથી દિલ્હીની સીધી ટ્રેઈનો મળે છે, અને દિલ્હીથી આસામમેલ સવારમાં ઉપડે છે, તે ( વચ્ચે બરૌની સ્ટેશને બદલીને ) ૪૬ કલાકમાં ગૌહાત્તી પહોંચાડે છે.

ગૌહાત્તીનું સરનામું–

ફોન નં. ૩૨૨૧ તથા ૫૫૦૧, ૫૫૨૩ — શ્રી દિં. જૈન મુમુક્ષુમંડળ

ટેલીગ્રામઃ – SUINIEL GAUHATI — C/o. एयर आसाम , ફેન્સી બજાર,

ગૌહાત્તી ( આસામ )

પૂ. ગુરુદેવ ગૌહાત્તીથી તા. ૮ મંગળવારના રોજ પ્રસ્થાન કરીને કલકત્તા થઈ મુંબઈ પધારશે અને ત્યાં રવિવાર, તા. ૧૩ May સુધી બિરાજશે. મુંબઈમાં વૈશાખ સુદમાં દાદર–ઘાટકોપર અને મલાડના જિનમંદિરોની વાર્ષિક તિથિઓ છે. ત્યારબાદ તા. ૧૪ May સોમવારના રોજ મુંબઈથી ભાવનગર થઈ સોનગઢ પધારશે.

ગતમાસમાં ફાગણ વદ ત્રીજે ઘાટકોપર ( સર્વોદય ઇસ્પિતાલ ) માં સ્થાપિત આદિનાથભગવાનની પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ગુરુદેવ મુંબઈ પધાર્યા હતા, ને ચાર દિવસ ત્યાં હજારો મુમુક્ષુઓએ ગુરુવેદવના પ્રવચનનો લાભ લીધો હતો. તે દરમિયાન દાદર–ઘાટકોપર–મલાડ તથા મુંબઈના જિનાલયોના દર્શન કરવા ગયા હતા, તેમજ બોરીવલીમાં બિરાજમાન ભગવાન ઋષભદેવ–ભરત–બાહુબલિ ત્રિમૂર્તિ–ભગવંતોની ભવ્ય પ્રતિમાઓના દર્શન–ભક્તિના કાર્યક્રમમાં પણ હજારો ભક્તોએ ઉત્સાહથી ભાગ લીધો હતો, તથા ત્યાંની સંસ્થામાં પાંચ હજાર રૂપિયાનું ફંડ નોંધાવ્યું હતું. ત્રિમૂર્તિના દર્શનથી સૌએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

મુંબઈથી ગુરુદેવ બેંગલોર શહેર પધાર્યા હતા, અને ત્યાં ફાગણ વદ ૭ ( તા. ૨૪–૩–૭૩ )ના રોજ જિનમંદિર સમવસરણમંદિર તથા સ્વાધ્યાયમંદિરના શિલાન્યાસની વિધિ ગુરુદેવની મંગલ છાયામાં વિદ્વાન ભાઈશ્રી લાલચંદભાઈ મોદીના સુહસ્તે થઇ હતી. આ પ્રસંગે શેઠશ્રી જુગરાજજી તથા શેઠશ્રી ભભૂતમલજીએ ઉત્સાહ બતાવ્યો હતો; ને બેંગલોરના હજારો જિજ્ઞાસુઓએ લાભ લીધો હતો, બેંગલોરથી પૂ. ગુરુદેવ મુંબઈ પધાર્યા હતા અને ત્યાંથી તા. ૨૬મી માર્ચે સોનગઢ પધાર્યા હતા.

# જીવનનું ધ્યેય

**દશ મિત્રો ભેગા થઇને ચર્ચા કરતા હતા કે આપણા જીવનનું ધ્યેય શું છે?**

**એક મિત્રે કહ્યું:** અત્યારે બી. એ ભણું છું ને ખૂબખૂબ ભણીને અમેરિકા જવાનું ધ્યેય છે.

**બીજા મિત્રે કહ્યું:** આપણે તો પરદેશ જવા કરતાં ભારતમાં જ રહીને સ્વદેશની સેવા કરવાનું ધ્યેય છે.

**ત્રીજો મિત્રે કહ્યું:** અત્યારે રક્ષાનો મોટો પ્રશ્ન છે તેથી આપણે તો લશ્કરમાં સેવા આપીને, દુશ્મનદેશોને બતાવી આપવું છે કે ભારતના યુવાનો કેવા બહાદૂર છે!!

**ચોથો મિત્ર:** આપણે તો વેપારમાં ઝંપલાવીને એક કરોડ રૂા. ભેગા કરવાનું ધ્યેય છે.

**પાંચમાં મિત્ર કહે:** આપણે ધન ભેગું કરવાની કે પરદેશની અભિલાષા નથી, પણ આપણને મળેલું ભણતર બીજા બાળકોને શીખડાવવું તે ધ્યેય છે.

**છઠ્ઠો મિત્ર કહે:** આપણને તો પરભવની ચિન્તા છે, એટલે સારાં સારાં કામો કરીને બીજા ભવે સ્વર્ગમાં જઈએ એવું ધ્યેય છે.

**સાતમો મિત્ર કહે:** પરભવની કોને ખબર છે! પરભવની ચિન્તા કરી કરીને દૂબળા થવા કરતાં આપણે તો અત્યારે મોજમજાથી જીવવું ને જીંદગીમાં આનંદ ભોગવવો એ ધ્યેય છે.

**આઠમો મિત્ર:** આપણે તો બસ, ખાધેપીધે સુખી રહીએ ને થઈ શકે એટલી સાધુ સંતોની સેવા કરીએ–એ સિવાય જીવનમાં બીજું શું જોઈએ?

**નવમો મિત્ર:** દુનિયાના જીવો અત્યારે બહુ દુઃખી છે, તે દુઃખી જીવોની સેવામાં જીવન હોમી દેવું – એવું આપણું ધ્યેય છે.

**દશમો મિત્ર:** મને તો જીવનમાં એક જ ભાવના છે કે મારા આત્માને પ્રાપ્ત કરું! આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરીને સાચી શાંતિ પામું ને આ ભવદુઃખોથી છૂટું – એ જ મારા જીવનનું ધ્યેય છે.

દશમા મિત્રની ઉત્તમ વાત બધા મિત્રોએ ઉત્સાહથી સ્વીકારી લીધી. બંધુઓ, સત્સમાગમ અને જૈનધર્મનો આવો ઉત્તમ યોગ પામીને આત્મા પોતાની શાંતિને અનુભવે ને મોક્ષને સાધે એ જ જીવનનું સાચું ધ્યેય છે.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૩૨૫૦
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) : ચૈત્ર [ ૩૫૪ ]